# પાવાગઢ દર્શન

સચિત્ર પરિચય પુસ્તિકા



- ઘનશ્યામ જોષી

32 009.

# શ્રી ભગવતી રેસ્ટોરન્ટ
# એન્ડ લોજીંગ-બોર્ડીંગ

રહેવા તથા જમવા માટેનું
ભરોસાપાત્ર સ્થળ

## પાવાગઢ માઉન્ટ

દુધીયા સરોવરની પાળે,

પ્રો. વસંતકુમાર એસ. ભટ્ટ.

---

# દુધીયા પ્રસાદી સ્ટોર

દુધીયા તળાવની પાળ ઉપર,

નારીયેળ, પ્રસાદી તથા માતાજીના પુંજાપા, ચુંદડી વીગેરે ખરીદવા અવશ્ય પધારો.

પ્રો. ચંન્દ્રકાન્ત આર. દીક્ષિત.

શ્રી મહાકાલી માતાજી તથા શ્રી દીગંબર જૈન સીદ્ધક્ષેત્રની પવીત્ર યાત્રાએ આવતા યાત્રાળુઓને અને ઐતીહાસીક પર્વત, પાવાગઢની મુલાકાત લેતા પ્રવાસીઓને અત્યંત ઉપયોગી....

# પાવાગઢ દર્શન

[પરિચય પુસ્તિકા]

★

: પ્રયોજક :

ઘનશ્યામ જોષી

★

કિંમત રૂા. ૧-૭૫

☆


પ્રકાશક :

રમણલાલ જોષી

(પાવાગઢ માઉન્ટ)

(જિ. પંચમહાલ)

ગુજરાત રાજ્ય

પ્રકાશક :
**રમણલાલ જોષી**
દુધિયા તલાવ,
પાવાગઢ માઉન્ટ
( જિ. : પંચમહાલ )

સર્વ હક્ક લેખકને સ્વાધીન. ( Copy right reserved )

અદ્યતન સંસ્કરણ :
**સને ૧૯૮૧**

પ્રત, ૫,૦૦૦

મુદ્રક :
**મહેન્દ્રભાઈ વી. મહેતા**
નવરંગ પ્રિન્ટરી,
દયાનંદ ભુવન,
જ્યુબીલીબાગ સામે,
વડોદરા–૧.

# પ્ર સ્તા વ ના

ગરવા ગુજરાતીઓમાં પર્યટન ભૂખ ઝડપથી વધી રહી છે. અને આર્થિક સમૃધ્ધિની વૃધ્ધિ સાથે તે વધુ સતેજ બનતી ગઇ છે. આવી પર્યટન શોખીન પ્રજાને મોજ માણવા માટે ગુજરાતભરમાં અનેક ગિરિમથકો તથા વિહાર ધામો ઝડપથી વિકસી રહ્યાં છે.

પાવાગઢ પણ તેની મહત્ત્વની ભૌગોલિક સ્થિતિ તથા અનોખી ભૂસ્તરીય રચનાને લીધે ગુજરાતનું અગ્રણી ગિરિનગર બની રહ્યું છે. અને ઉત્તરોત્તર વધુને વધુ પર્યટકો આ રમણિય પર્વતની મુલાકાત લેતા થયા છે.

ધાર્મિક અને ઐતિહાસિક મહત્તા ધરાવતા આ રમણીય પર્વતની મુલાકાત લેતાં લાખો પર્યટકો અહીંના મુખ્ય જોવા લાયક સ્થળોનો પરિચય કેળવીને તેમની મુલાકાતે જઇ શકે તથા સાથેસાથ તેઓ આ પહાડ સાથે સંકળાયેલ ધાર્મિક અને આતહાસક મહત્ત્વ પણ પામી શકે એ હેતુસર આ પર્વત તેમજ પ્રાચીન ચાંપાનેર નગરીનાં સ્થાપત્યો વિષે યોગ્ય અને પ્રમાણભૂત માહિતી ઉપલબ્ધ બની રહે તે દૃષ્ટિએ આ સચિત્ર અને માહિતીસભર પુસ્તિકા પ્રસિધ્ધ કરતાં હર્ષ અનુભવું છું.

અગાઉની આવૃત્તિઓની માફક આ અદ્યતન આવૃત્તિ પણ પ્રવાસી જનતાને માર્ગદર્શિકાના રૂપમાં અત્યંત ઉપયોગી બની રહેશે એવી અપેક્ષા સહ........

— ઘનશ્યામ જોષી

પાવાગઢ
સપ્ટેમ્બર ૧૯૮૧

# અનુક્રમણિકા


(૧) સ્થળ વિષે સામાન્ય માહિતી ...૧

(૨) ચાંપાનેર–પાવાગઢ ગામનું વર્ણન ...૨

(૩) વિહંગાવલોકન કરતાં કરતાં પર્વત પર પ્રયાણ ...૧૦

(૪) ધાર્મિક મહાત્મ્ય ...૨૩

(૫) પર્વતનું પ્રાગટ્ય ...૨૯

(૬) પાવાગઢ શ્રી દિગંબર જૈન ધર્મનું સિદ્ધક્ષેત્ર ...૩૩

(૭) શ્રી પાવાગઢ સિદ્ધક્ષેત્રની આરતી ...૩૪

(૮) પાવાગઢ ઉન્નતિના પંથે ...૩૫

(૯) પ્રવાસીઓને સૂચનો તેમજ ઉપયોગી માહિતી ...૪૩

(૧૦) રેલવે તેમજ એસ. ટી. બસનું ટાઇમ ટેબલ ...૪૭

(૧૧) ગરબા ...૫૧

# ૧

# સ્થળ વિષે સામાન્ય માહિતી....

ગુજરાત રાજ્યની પૂર્વ સરહદ પરના પંચમહાલ જિલ્લામાં આવેલો પાવાગઢ પર્વત હિંદુ તેમજ દિગંબર જૈન ધર્મનાં અગ્રગણ્ય તીર્થસ્થાનોમાંનું એક પવિત્ર તીર્થધામ છે, જ્યાં શ્રી કાલિકાદેવી (મહાકાલી)નું પ્રાંચીન મંદિર પહાડની છેલ્લી ટૂક (મહાકાલી ટૂક) પર તેમ જ શ્રી ભદ્રકાળી માતાજીનું મંદિર પહાડની પૂર્વ તરફના એક અલગ શિખર ( ભદ્રકાળી શિખર ) પર સ્થાપિત કરાયેલ છે. દિગંબર જૈન ધર્મનાં મંદિરો પણ પહાડની ટોચ પર આવેલાં છે. જ્યારે પાવાગઢ ચાંપાનેર ગામ પહાડની ઉત્તર દિશા તરફની તળેટીમાં વસેલું છે.

ધાર્મિક ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ પહાડ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, વળી હાલમાં રાજ્ય સરકારના પ્રવાસ અને માહિતી ખાતા દ્વારા તેમજ જિલ્લા પંચાયતના સક્રિય પ્રયત્નો વડે આ રમણીય પર્વતનો ગિરિનગર તેમજ વિહારધામ–હોલી ડે–કેમ્પ તરીકે વિકાસ થઇ રહ્યો હોવાથી આગામી થોડાં વર્ષોમાં આ સ્થળ રાજ્યનું અગ્રગણ્ય ગિરિનગર—વિહાર ધામ બની રહેશે. જો કે સરકારના મર્યાદિત નાણાંકીય સાધનોને કારણે તથા સ્થાનિક નેતાગીરીના અભાવે આ સ્થળનો વિકાસ ઘણી ધીમી ગતિએ થઇ રહ્યો છે. એ હકીકત અહીં આવતા પ્રવાસીઓને તથા સ્થાનિક રહેવાસીઓને અકળાવનારી બની રહી છે.

પંચમહાલ જિલ્લાના દક્ષિણ વિભાગમાં આવેલા હાલોલ

તાલુકામાં આ રમણીય પર્વત આવેલો છે, અને હાલોલથી પૂર્વ દિશામાં મોટર માર્ગે માત્ર ૬ કિલોમીટર દૂર છે. વળી ગુજરાતના સૌથી સુંદર શહેર વડોદરાથી (વડોદરા શહેરમાંના એસ. ટી. ના સેન્ટ્રલ બસ સ્ટેશનથી–પાવાગઢ ગામ.) આ પહાડ માત્ર ૫૧ કિલોમીટર દૂર છે. પાવાગઢ રેલવે તેમ જ મોટરમાર્ગથી સંકળાયેલો છે, વડોદરા શહેરમાંના સ્ટેટ ટ્રાન્સપોર્ટના સેન્ટ્રલ બસ સ્ટેશનેથી પાવાગઢ જવા માટેની એસ. ટી. બસ થોડા થોડા સમયને અંતરે નિયમિત ઉપડે છે. વડોદરાથી પાવાગઢનો આ 'રાજ્ય ધોરી માર્ગ' સીમેન્ટ કોંક્રીટથી બાંધેલો હોવાથી માત્ર કલાક–દોઢ કલાકમાં જ આસાનીથી પાવાગઢ પહોંચી શકાય છે. એ જ રીતે પંચમહાલ જિલ્લાના પાટનગર ગોધરાથી પણ રેલવે તથા મોટર દ્વારા પાવાગઢ જઈ શકાય છે. તદ્ઉપરાંત દેવગઢ બારીઆ તથા બોડેલીના રસ્તે પણ ત્યા પહોંચી શકાય છે.

પાવાગઢથી વડોદરા તથા ગોધરા મોટરમાર્ગે અનુક્રમે ૫૧ તેમજ ૪૪ કિલોમીટર દૂર આવેલાં છે. જ્યારે પાવાગઢથી પૂર્વ દિશામાં આવેલું બોડેલી ગામ ૩૭ કિ. મી. દૂર છે. પાવાગઢને સાંકળી લેતા આ તમામ માર્ગો "રાજ્ય ધોરી માર્ગો" હોવાથી સહેલાણીઓને મોટર–બસનો પ્રવાસ ઝડપી અને સુગમ બની રહે છે.

રેલ્વે માર્ગે પણ પાવાગઢ જઈ શકાય છે. વડોદરા દિલ્હી બ્રોડગેજ રેલવે લાઈન પર આવેલા, વડોદરા–ગોધરા સેકશન પર "ચાંપાનેર રોડ" નામનુ રેલવે સ્ટેશન છે. આ સ્ટેશનેથી "નેરો ગેજ રેલવે ટ્રેન"......હાલોલ, પાવાગઢ, શિવરાજપુર થઈને પાની માઈન્સ સુધી જાય છે. રેલવે માર્ગે પાવાગઢથી વડોદરા અને ગોધરા અનુક્રમે ૫૭ અને ૫૪ કિલોમીટરના અંતરે આવેલાં છે.

આ પહાડની ઊંચાઇ બાબતમાં, કેટલાક વર્ષો અગાઉ કરાયેલી સરકારી મોજણી અનુસાર આ પર્વતનું સૌથી ઊંચાઇ-

વાળું શિખર ( મહાકાળી ટ્રૂક ) સમુદ્રની સપાટીથી ૨૭૨૦ ફૂટ (૮૩૫ મીટર) ની ઊંચાઈ ધરાવે છે, પરંતુ નવાઇ તો એ છે કે ફરીથી હમણાં જ, પહાડની ઊચાઈ અને તેના રસ્તાની લંબાઇ દર્શાવતા માઇલ સ્ટેશન પર દર્શાવેલ ઊચાઈ પરથી માલુમ પડે છે કે, તેનું સૌથી ઊંચાઇ પર આવેલું શિખર (મહાકાલી ટ્રૂક) ગ્રાઉન્ડ લેવલથી લગભગ ૩૧૦૦–૩૨૦૦ ફૂટની ઊંચાઇ ધરાવે છે. ભૂસ્તરીય ફેરફારને પરિણામે આ આમ બનવા પામ્યું નહીં હોય ? વળી આ પહાડનું એક અન્ય શિખર કે જેને ભદ્રકાળી શિખરના નામે ઓળખવામાં આવે છે તે લગભગ ૧૭૦૦ ફૂટની ઊંચાઈ ધરાવે છે. જ્યારે પહાડની મધ્યમાં આવેલા વિસામા સ્થાન માંચી હવેલી અને હોલી ડે–કેમ્પ લગભગ ૧૫૦૦ ફૂટની ઊંચાઇ પર છે, તદ્દઉપરાંત જમીનની સપાટી પર આ પહાડનો ઘેરાવો લગભગ ૨૧ માઇલ જેટલો છે. જ્યારે પહાડની ટોચ પર આવેલાં દૂધિયા સરોવર અને છાશિયા તળાવ વાળા વિસ્તારનું ક્ષેત્રફળ લગભગ પાંચેક ચોરસ કિલોમીટર જેટલું થવા જાય છે.

પહાડ પર જવા માટે મોટર માર્ગ તથા પગ રસ્તો બંને અલગ અલગ છે. પાવાગઢ ગામના એસ. ટી, બસ સ્ટેન્ડથી છેક માંચી હવેલી—હોલીડે—કેમ્પ સુધીનો પાકો ડામર રોડ—મોટર માર્ગ બાંધવામાં આવ્યો છે, જેની લંબાઈ લગભગ ૫ કિલો મીટર છે, જ્યારે ગામથી-માંચી હવેલી સુધીના પગ રસ્તાની લંબાઈ માત્ર દોઢેક માઈલ જેટલો જ છે, તથા પાવાગઢ ગામથી છેક શ્રી મહાકાલી માતાજીના મંદિર સુધીના પગ રસ્તાની લંબાઇ લગભગ ૩ ૧/૨ માઇલ જેટલી છે, વળી માંચી હવેલીથી પહાડના ઉપર તરફના ભાગમાં હજુ મોટર માર્ગ બાંધવામાં આવ્યો નથી જેથી ત્યાંથી તો પ્રવાસીએ પગ વડે ચાલીને જ પહાડની મજલ કાપવી પડે છે.

પર્વતની ઉત્તર તરફથી તળેટીમાં પાવાગઢ-ચાંપાનેર ગામ વસેલું છે, જેને હવે તો સૌ ચાંપાનેરને બદલે પહાડના નામ પરથી "પાવાગઢ" ના નામે જ સંબોધે છે. હાલનું પાવાગઢ ગામ નાના સરખા ગામડા સમાન છે. છતાં તીર્થ સ્થળ હોવાથી અન્ય તીર્થ-સ્થળોની માફક તે પણ સારો વિકાસ પામ્યું છે. ગામ અને પહાડ પરની સંયુકત વસ્તી આશરે ૧૫૦૦–૨૦૦૦ માણસોની છે. અન્ય તીર્થ ધામોની માફક અહીંયાં ગામમાં પણ પ્રવાસીઓ—યાત્રિકોને રહેવા–ઉતરવા માટે લગભગ દસેક ધર્મશાળાઓ છે. જેમાં મુસાફરોને લગભગ તમામ સગવડો મળી શકે છે. તદ્ઉપરાંત યજમાનવૃત્તિનો વ્યવસાય કરતાં કેટલાક બ્રાહ્મણ કુટુંબો પણ અહીં વસે છે, તેઓ પણ યાત્રિકોને રહેવા–જમવાની વિવિધ સગવડો પૂરી પાડે છે. ગામની મોટા ભાગની વસ્તી, ગામના કિલ્લાની અંદરના ભાગમાં વસેલી છે. રેલ્વે સ્ટેશન ગામથી ઉત્તર–પૂર્વમાં લગભગ અર્ધો માઈલ જેટલું દુર છે. જ્યારે સ્ટેટ ટ્રાન્સપોર્ટનું બસસ્ટેન્ડ ગામથી દક્ષિણે, પહાડ પર જવાના માર્ગ પાસે બાંધવામાં આવ્યુ છે, તેથી તે ગામથી તદ્દન નજીક છે. વળી ગામમાં રિક્ષા, ઘોડાગાડી, ટેક્ષી જેવાં કોઈજ વાહનો ઉપલબ્ધ ન હોવાથી પ્રવાસી જનતાને એસ ટી. બસ દ્વારા મુસાફરી કરવી વધુ સુગમ બની રહે છે.

પાવાગઢ આવતી એસ, ટી.ની બસોમાંની, મોટાભાગની ગામના સ્ટેન્ડ સુધી જ આવે છે જ્યારે **વડોદરા, ગોધરા,** કપડવંજ, નડિયાદ તથા **અમદાવાદથી** પાવાગઢ આવતી કેટલીક બસો પહાડ ઉપરના છેક બુઢિયા દરવાજાના સ્ટેન્ટ સુધી પણ જાય છે. ગામના સ્ટેન્ડથી બુઢિયા દરવાજા સુધીનું મોટર માર્ગનું અંતર લગભગ ૩૧/૨ કિલોમીટર જેટલું છે. પહાડ પર બાંધવામાં આવેલો આ મોટરમાર્ગ કેટલીક જગ્યાએ સર્પાકાર

તેમજ અર્ધવર્તુળાકાર હોવાથી બસ–મોટર દ્વારા મુસાફરી કરવાની ઘણી મજા આવે છે.

એસ. ટી બસ દ્વારા બૂઢિયા દરવાજા સુધી જનાર પ્રવાસીઓને ત્યાંથી મજૂર, ડોળી વગેરે ઉપલબ્ધ બની રહે છે, તથા એક ટૂંકા પગ રસ્તે માત્ર દસેક મિનિટમાં જ, ચાલતાં ચાલતાં માંચી હવેલી ધર્મશાળા અને હોલી ડે–કેમ્પ પહોંચી જઇ શકાય છે.

પરંતુ ખાનગી મોટર વાહનો ધરાવનાર તો છેક માંચી હવેલી–હોલી ડે–કેમ્પ સુધી આસાનીથી જઈ શકે છે. ગામથી માંચી હવેલી સુધીના મોટર માર્ગનું અંતર લગભગ પાંચ કિલોમિટર જેટલું છે.

પ્રવાસીઓ–યાત્રિકો માંચી હવેલીની ધર્મશાળામાં અથવા તો હોલી ડે–કેમ્પમાં આરામથી રાત્રી પસાર કરીને બીજે દિવસે વહેલી સવારના, પહાડનું બાકીનું અરધું ચઢાણ શરૂ કરે છે. માંચી હવેલીથી ઉપર તરફના આ માર્ગ પર થોડા થોડા અંતરે સીમેન્ટ–પથ્થરનાં પગથિયાં બાંધેલાં હોવાથી પ્રવાસીએ ચાલીને જવું પડે છે, જો કે અશક્ત, વૃદ્ધ, બાળકો વગેરે માટે મજૂર તથા "ડોળી" પણ ઉપલબ્ધ બની રહે છે, જેથી તેઓ પણ આસાનીથી શ્રી માતાજીના પવિત્ર દર્શનનો લહાવો માણી શકે છે તથા સાથોસાથ આ રમણીય પર્વતની મુલાકાત લીધાનો આનંદ પણ પામી શકે છે.

# ૨

# ચાંપાનેર–પાવાગઢ ગામનું વર્ણન....

પર્વતની ઉત્તર તરફની તળેટીમાં જ નાનું સરખું પણ સુંદર અને મજબુત કિલ્લેબંધીવાળું "પાવાગઢ" ગામ વસેલું છે. તે "ચાંપાનેર" તરીકે પણ પ્રખ્યાત છે, કારણ કે પ્રાચિન સમયમાં ચાવડા વંશના પ્રતાપી રાજા વનરાજ ચાવડાના મહામંત્રી ચાંપા વાણિયાની મહાન સ્મૃતિરૂપે વનરાજે ઈ. સ.ના આઠમા સૈકા દરમિયાન ભૌગોલિક દષ્ટિએ મહત્વના એવા આ સ્થળ પર ચાંપાનેર શહેર વસાવ્યું હતું અને તેથી ચાંપાના નામ પરથી તેને ચાંપાનેર ચાંપાનગરી નામ આપવામાં આવ્યુ હોવાની હકીકત ઈતિહાસ પ્રસિધ્ધ છે, પરંતુ હાલમાં તો આ ગામને ચાંપાનેરના બદલે, પહાડના નામ પરથી 'પાવાગઢ'ને નામે જ ઓળખવામાં આવે છે. જો કે સરકારી દફતરમાં હજુ તેને ચાંપાનેર તરીકે જ ઓળખવામાં આવે છે.

હાલમાં કિલ્લાની અંદર વસેલા ગામની રચના તથા તેની આસપાસમાં આવેલાં પ્રાચિન અવશેષો પરથી સહેલાઈથી એવા અનુમાન પર આવી શકાય છે કે, ભૂતકાળમાં કોઈક સમય દરમિયાન આ સ્થળ પર મોટું શહેર વસેલું હશે જ. આ ભૂતકાલીન નગરની કેટલીક ઈમારતો સારી કે ભગ્ન હાલતમાં આજે પણ ત્યાં ભૂતકાળની સાક્ષી સ્વરૂપે નજર પડે છે, આ બધા પ્રાચીન અવશેષો હાલના ગામની ચોતરફ માંઈલોના વિસ્તારમાં પથરાઈ પડયા છે, તેઓની મુલાકાત લેવાથી અને બારીકાઈથી નિરીક્ષણ કરવાથી આપણને આ ભુતકાલિન મહા નગરીનો ભવ્ય ભુતકાળ તથા તે સમયે ત્યાં વસતી સાહસિક પ્રજાની ઝાંખી થાય છે.

લાંબા સમયના નિરીક્ષણ પરથી હું એમ માનવા પ્રેરાયો છું કે આ સ્થળે અનેક વખત શહેરો બંધાયાં હશે અને તેમનો અમુક અમુક સમયે વિનાશ થતો રહ્યો હશે. હાલના ગામની ચોતરફનો કિલ્લો તથા તેની અંદરના વિસ્તારમાં આવેલા પ્રાચીન સ્થાપત્યો મુસલમાન યુગથી વધુ જુનાં નથી જ, એટલું જ નહીં કિલ્લાની બહારના વિસ્તારમાં આવેલી મસ્જિદો કુંડ, અન્ય કેટલાક રોજા તથા સક્કર તળાવ (કસ્બીનું તળાવ) વગેરે પણ મુસ્લિમ સંસ્કૃતિનો જ વારસો છે.

વનરાજ ચાવડાએ વસાવેલું પ્રાચીન નગર, હાલના (જહાંપનાહ) કિલ્લાની અંદરના વિસ્તારમાં નહીં પરંતુ તેની બહારના વિસ્તારમાં ઉત્તરપૂર્વમાં વસેલું હશે અને એનો કેટલોક ભાગ પહાડના ચઢાણની શરૂઆતમાં જ આવતા અટક દરવાજાની આસપાસ પણ વસેલો હોવાની સંભાવના છે, કાળક્રમે ચડતી-પડતીના ચક્રપ્રવાહમાં વિલીન થયેલ આ નગર બાદ રાજપુત વંશના આધિપત્ય હેઠળ નવું નગર વિસ્તર્યું હશે, જેનું સ્થળ પહાડ પર આવેલી માંચી હવેલીથી પહાડની તળેટીમાં આવેલી નદી સુધીનું હોવાની દૃઢ માન્યતા પ્રવર્તે છે, વળી માંચી હવેલીથી ઉપર તરફના પહાડ પરનાં અન્ય કેટલાંક મહત્વનાં સ્થળો પણ આ સમયમાં જ વિકસ્યાં, પરંતુ ગુજરાતના સુલતાન-બાદશાહો સાથેના સતત સંઘર્ષને કારણે રાજપૂત યુગ દરમિયાન વિકાસ પામેલ આ રમણીય અને સમુદ્ધ નગર પણ કાળના પંજામાં વિલીન બન્યું...બાદમાં ચાંપાનેરને પોતાના અધિપત્ય હેઠળ લાવનાર સુલતાન મહંમદ બેગડાના સક્રિય પ્રયત્નોથી તથા તેના ઉતરાધિકારીઓના સમયમાં આ સ્થળે એક નવું સમૃદ્ધ નગર ઊભું થવા પામ્યું-જેને 'મુહમ્મદાબાદ' નામ અપાયું. જેણે લગભગ અડધી સદી સુધી ગુજરાતની રાજધાની-પાટનગર તરીકે સુવર્ણકાળ અનુભવ્યો, બાદમાં દિલ્હી સલ્તનતના

હાથે પનારો પડતાં આ સ્થળનું રાજકીય-વ્યાપારી મહત્ત્વ ઘટતાં તે પણ વિનાશના પંથે પડયું. એમાંયે મરાઠા યુગે આ નગરને "પડતા પર પાટું માર્યું"......અને અંગ્રેજોના આધિપત્ય હેઠળ તો તે તદ્દન નામશેષ બનવા પામ્યું.

હવે આઝાદી બાદ આ પ્રાચીન શહેર ફરીથી સજીવન થવાના પ્રયાસો આદરી રહ્યું છે, પણ હવે તે એક રાજધાની કે વ્યાપાર અંગેના સમૃદ્ધ શહેર તરીકે નહીં પણ હવા ખાવાના એક હિલ સ્ટેશન-ગિરિમથક તરીકે આગે કદમ માંડી રહ્યું છે.

ચાલો ત્યારે હવે આપણે પણ આ નગરનો ભવ્ય ભૂતકાળ યાદ કર્યા બાદ ફરીથી તેના વર્તમાનકાળ તરફ આગેકદમ માંડીએ.........

હાલના ગામની ચારે તરફ ફરતો, લંબચોરસ આકારનો, સફાઈદાર પથ્થરોથી બાંધેલો મજબૂત અને ભવ્ય ઊંચાઈ ધરાવતો કિલ્લો છે. જેને દક્ષિણ તથા પૂર્વ દિશામાં બે બુલંદ દરવાજા છે, તથા ઉત્તરના ભાગમાં એક નાનો દરવાજો પણ છે. દક્ષિણ તરફના દરવાજાને 'હાલોલ ગેટ' તથા પૂર્વ તરફના દરવાજાને 'ગોધરાગેટ' ના નામે ઓળખવામાં આવે છે. આ કિલ્લો તેની બાંધણી મજબૂતાઇ અને ઉંચાઇમાં ખરેખર ભવ્ય છે. સન ૧૪૮૬માં મુસલમાન બાદશાહ મહંમદ બેગડાએ તેને રાજગઢ તરીકેના હેતુસર બંધાવ્યો અને તેને 'જહાંપનાહ' નામ આપવામાં આવ્યું. ગુજરાતમાં જે કેટલાક પ્રાચિન અને સુંદર કિલ્લા છે તેમાં આ કિલ્લાનું સ્થાન આગળ પડતું છે. જો કે હાલમાં તો તે કેટલીક જગ્યાએ ભગ્ન દશામાં નજરે પડે છે, અને પૂરતી જાળવણીના અભાવે તેના કાંગરા ખરી રહ્યા છે.

વર્તમાન સમયમાં ગામની વસ્તી મહદ્અંશે કિલ્લાની અંદરના વિસ્તારમાં વસેલી છે, પરંતુ રેલ્વે સ્ટેશન તથા એસ. ટી. બસ સ્ટેન્ડ કિલ્લાની બહારના વિસ્તારમાં આવેલાં છે. કિલ્લાની અંદરના વિસ્તારમાં શહેરકી મસ્જિદ–(વહોરા મસ્જીદ) માંડવી, ચોર કોટડીઓ, માનસ્તંભ–(કિર્તિસ્થંભ), શ્રી દિગંબર જૈન મંદિર, શેખનું દેરૂ વગેરે જોવાલાયક સ્થળો છે. ગામમાં લગભગ દસેક ધર્મશાળાઓ પણ છે, જ્યાં પ્રવાસીઓને જમવા તથા રહેવા માટેની સામાન્ય સુવિધાઓ પ્રાપ્ત થઇ શકે છે. વળી ગામમાં વારિગ્રહ દ્વારા પાણીની સગવડો ઉભી કરવામાં આવી છે. તથા ગ્રીડ યોજનાનો લાભ મળવાથી ગામને વીજળીની સગવડો પણ મળી છે. સમુદ્રની સપાટીથી ૫૫૦ ફુટની ઉંચાઇએ આવેલા ગામની આબોહવા સરસ છે.

કિલ્લાની બહારના વિસ્તારમાં પણ કેટલાક પુરાણાં અવશેષો જોવાલાયક છે. જેવાં કે જુમ્મા મસ્જિદ–(જામે મસ્જિદ), નગીના મસ્જિદ, કેવડા મસ્જિદ, લીલો–ગુંબજ, કુંડ, ગેબલશાહની વાવ, હેલીકલ વાવ, સક્કરખાન રોજો, સક્કર તળાવ, એકલટોડો, ખૂંદમીર, પાંચમહુડા મસ્જિદ, વડાતળાવ, કબૂતરખાના સિકંદરખાનનો રોજો, ખજુરીની મસ્જિદ, કમાને મસ્જિદ, વગેરે વગેરે ......ગામના ચો તરફ આવેલાં આ બધા અવશેષો ચાર–પાંચ માઇલ સૂધીના વિસ્તારમાં પથરાયેલાં છે.

**સૂચના :** ( પ્રવાસી મિત્રોને મારૂ સ્પષ્ટ સૂચન છે કે, ગામના કિલ્લાની બહારના વિસ્તારમાં આવેલાં પ્રાચીન અવશેષોમાંના કેટલાંક તદ્દન જંગલ વિસ્તારમાં છે, વળી આ બધાં સ્થળો છૂટાંછવાયાં–એકલદોકલ આવેલાં છે, ત્યાં જવા માટે ખાસ કોઇ વાહનો ઉપલબ્ધ હોતા નથી, જેથી, પોતાની સલામતીની ખાત્રી કરીને ત્યાં જવું એ સલાહ ભરેલું છે. જો કે આ

બધાં સ્થળોની મુલાકાત લેવામાં થેડું જોખમ હોવા છતાંય, આમાંની કેટલીય ઈમારતો તો ખરેખર એટલી સુંદર છે કે જોખમ ખેડીને પણ જોવીજ રહી, અને એ માટે ગામમાંથી મજૂર-ભોમિયા પણ મળી રહે છે. )

## ૩

# વિહંગાવલોકન કરતાં કરતાં પર્વત પર પ્રયાણ....

ગામથી દક્ષિણે લગભગ બે એક ફર્લાંગ દૂર પાવાગઢનો રમણીય પર્વત ઉભેલો છે. ગામમાંનાં એસ. ટી. બસસ્ટેન્ડ પાસેથી પહાડ પર જવાનો પગરસ્તો શરૂ થાય છે. અહીંથી માંચી હવેલી ધર્મશાળા સુધીનો મોટર માર્ગ પણ છે જ. પુરંતું સ્થાપત્યોનું નિરીક્ષણ કરવાની લાલચથી પ્રેરાઈને, આપણે પગ રસ્તે જ પહાડની મજલ કાપવાનું શરૂ કરીએ છીએ. એસ. ટી. સ્ટેન્ડની નજીકમાં થઈને વિશ્વામિત્રી નદી પસાર થાય છે નદીના કિનારે ખોડીયાર માતાજીનું સ્થાનક છે. નદીનો નાનો સરખો પટ પસાર કર્યા બાદ પહાડનું કઠણ ચઢાણ શરૂ થાય છે. આ સ્થળને 'હાંફરેકરી' ના નામે સ્થાનિક લોકો ઓળખે છે. ચારેક ફર્લાંગનું ચઢાણ પસાર કર્યા બાદ '**અટકનો દરવાજો**' આવે છે. પહાડ પરની કિલ્લે બંધીની હારમાળાનો આ પ્રથમ દરવાજો છે. અહીં પથ્થરથી બાંધેલા બે સમાંતર કિલ્લાઓ છે. અને તેઓને બે મોટા દરવાજા છે. તથા અહીંથી પશ્ચિમ તરફની કોટની રાંગે અન્ય દરવાજો પણ હયાત છે. અટકના દરવાજેથી થોડુ અંતર કાપતાં '**મેડી તળાવ**' નજરે પડે છે. તળાવની વચ્ચે નાનોસરખો ચોક બાંધેલો છે. અને તેના પૂર્વ તરફના કિનારે પ્રાચિન સમયની બે મજલી મેડી;

ખંડેર હાલતમાં જોવા મળે છે. આના પરથી જ તળાવનું નામ મેડીતળાવ પડયું લાગે છે. તળાવનું પાણી ઠંડું અને મીઠું છે. મનોહર; ગીચ ઝાડીની વચમાં આવેલું આ તળાવ ખરેખર સુંદર લાગે છે. મેડી તળાવથી ત્રણેક ફર્લાંગનો રસ્તો પસાર કર્યા બાદ, પહાડ પરની કિલ્લેબંધીની હારમાળાનો બીજો દરવાજો "**બુઢિયા દરવાજો**" આવે છે. પહાડના સંરક્ષણની દૃષ્ટિએ કિલ્લાની આ હરોળ ઘણી જ મજબૂત અને અટપટી છે. અહીંયાં એક બીજાને સમાંતર એવા કિલ્લાઓની ત્રણ સળંગ હારમાળાઓને સાંકળતા ચાર મોટા દરવાજા બાંધેલા છે. બૂઢિયા દરવાજાથી એકાદ ફર્લાંગ છેટે "**લાલીનો દરવાજો**" છે. આ દરવાજો એટલે તો જાણે કે ભોંયરાંઓનું મિલન સ્થાન. આ દરવાજાના કિલ્લાની અંદરના ભાગમાં પુરાણાં ભોંયરાં છે. ખરેખર તો એ ભોંયરાં નથી પરંતુ સૈનિકો છૂપાવી રાખવાનાં ગુપ્ત સ્થળો જ છે. લાલીનો દરવાજો વટાવ્યા પછીથી પહાડ પર જવા માટેનો રસ્તો બે તરફ ફંટાઈ જાય છે. પ્રથમ માર્ગ પુરાણી ટંકશાળ પાસે થઇને માંચી હવેલીએ જાય છે. જ્યારે અન્ય રસ્તો ખાપરાઝવેરીનો મહેલ અને વિશ્વામિત્ર ઋષિના આશ્રમે થઈને માંચી હવેલીએ પહોંચે છે. આ માર્ગ, પ્રથમ માર્ગ કરતાં પ્રમાણમાં વધુ લંબાઈ ધરાવે છે. તેથી પ્રથમ માર્ગે પ્રયાણ ચાલુ રાખતાં પાંચેક મિનિટમાં જ માંચી હવેલી ધર્મશાળાએ પહોંચી જવાય છે.

**માંચી હવેલી ધર્મશાળા** પહાડ પરના ચઢાણની બરાબર મધ્યમાં આવેલું રમણીય વિસામાસ્થાન છે. પહાડ પર જવાની અડધી મજલ અહીંયા પૂરી થાય છે. માંચી હવેલીની આ ભવ્ય પ્રાચીન ઈમારતને જિલ્લા પંચાયતે સમરાવીને ધર્મશાળા તરીકે તેને ઉપયોગમાં લાધી છે. વળી તેનાં પ્રાંગણમાં ઉભેલા ભવ્ય "કુબેરવડ" ની ચોતરફ પથ્થરનો વિશાળ ઓટલો બાંધી લઇને,

પ્રવાસીઓને ઘડી બેઘડી આરામ કરવા માટે સરસ સગવડો ઊભી કરવામાં આવી છે. તેમજ આ મુખ્ય ઇમારતની બાજુમાં જ અન્ય નવી ધર્મશાળાનું મકાન તથા આરોગ્ય ભવનો બાંધવામાં આવ્યાં છે. હાલમાં આ બધી સંસ્થાઓનો વહીવટ પંચમહાલ જિલ્લા પંચાયતને હસ્તક છે. પ્રવાસીઓને રાત્રિભર રોકાવા માટે અહીંયાં લગભગ બધી જ સુવિધાઓ પ્રાપ્ય બની રહે છે. માત્ર નજીવા દરથી (Normal Rate) ગાદલાં, વાસણો, બત્તી (ફાનસ) વગેરે વસ્તુઓ ધર્મશાળામાંથી મળી શકે છે. તેમજ માંચી હવેલીની સામે જ જમવા તથા ચા-નાસ્તાની શાકાહારી હોટલ-લોજો છે. જ્યાં તાજી સ્વચ્છ અને સારી વાનગીઓ મળી રહે છે. ધર્મશાળાના પાછળના ભાગમાં થોડેક દૂર તેલિયું તળાવ છે, જેનું પાણી દૂરથી જોતાં તેલિયા રંગનું લાગે છે.

માંચી હવેલી ધર્મશાળાની પાછળ આવેલા તેલિયા તળાવને કિનારે, રાજયના પ્રવાસ અને માહિતી ખાતા તરફથી, સહેલાણીઓની સગવડ માટે "**હોલી-ડે-કેમ્પ**" વિહારધામ બાંધવામાં આવ્યું છે.

જેમાં આધુનિક સગવડો ધરાવતાં એક ઓરડાવાળાં તથા બે ઓરડાવાળાં કેટલાંક કવાર્ટર્સ બાંધવામાં આવ્યાં છે. અહીં પુસ્તકાલય ઉદ્યાન તથા કેન્ટીનની રચના પણ કરવામાં આવી છે. વળી ગ્રીડ યોજના હેઠળ છેક **માંચી હવેલી ધર્મશાળા** તેમજ **હોલી ડે કેમ્પ** સુધી વિદ્યુત પુરવઠો ઉપલબ્ધ બન્યો છે અને વારીગૃહો ઊભાં કરીને તે દ્વારા બને સ્થળોને પાણીની સગવડ આપવામાં આવી છે.

**નોંધ :** માંચી હવેલી ધર્મશાળા કે હોલી ડે કેમ્પમાં રોકાવા માટે પ્રવાસીઓએ અગાઉથી રિઝર્વેશન કરાવવું હોય તો નીચે દર્શાવેલ અધિકારીઓ સાથે પત્રવ્યવહાર કરવો.

## માંચી હવેલી ધર્મ શાળા માટે :

(૧) પ્રતિ,
પ્રમુખ શ્રી,
ટુરીઝમ ડિપાર્ટમેન્ટ,
મુ. ગોધરા:
(જિલ્લો–પંચમહાલ)

(૨) પ્રતિ,
મેનેજર શ્રી,
માંચી–હવેલી ધર્મશાળા,
પોસ્ટ–માંચી હવેલી.
મુ. પાવાગઢ.
(જિ. પંચમહાલ)

## હોલ્ડી–ડે–કેમ્પના રીઝર્વેશન માટે :

(૧) પ્રતિ,
જિલ્લા માહિતી અધિકારીશ્રી,
મુ. ગોધરા :
(જલ્લો : પંચમહાલ)

(૨) પ્રતિ,
મેનેજર, શ્રી,
હોલી ડે–કેમ્પ,
મુ. પાવાગઢ.
પોસ્ટ–માંચી હવેલી.
(જિલ્લો : પંચમહાલ)

નોંધ :

માંચી હવેલી ખાતે પોસ્ટ ઓફિસ શરૂ કરવામાં આવી છે. જેથી દૈનિક ટપાલ આવ–જા થઇ શકે છે અને નજીકના ભવિષ્યમાં ટેલીફોનની સગવડ પણ માંચી હવેલી ખાતે ઉભી કરવાના સક્રિય પ્રયત્નો થઇ રહ્યા છે જ...

પ્રવાસીઓ, માંચી હવેલી ધર્મશાળામાં કે હોલી ડે–કેમ્પમાં આરામથી રાત્રિ પસાર કરીને, વહેલી સવારે પહાડનું બાકીનું અધું ચઢાણ શરૂ કરે છે, અહીંથી પગ રસ્તે ચાલીને જ પહાડ પર જવું પડે છે. (જો કે જરૂરીયાતવાળાઓને અહીંયાંથી 'ડોળી'

અથવા 'મજુર' મળી રહે છે. એ અંગેના મજુરીના દર સરકાર તરફથી નક્કી કરવામાં આવેલા છે.)

ધર્મશાળા ખાતે યાત્રાવેરા ઉઘરાવવા માટે જકાતનાકું સ્થાપવામાં આવ્યું છે. પુખ્તવયની વ્યક્તિ માટે યાત્રાવેરાનો દર માત્ર ૧૨ પૈસા છે. જયારે બાળક માટે તેનાથી અર્ધો દર લેવામાં આવે છે. યાત્રાવેરા દ્વારા એકત્ર કરાયેલ ભંડોળમાંથી અમુક હિસ્સો પાવાગઢ ગ્રામ પંચાયતને આપવામાં આવે છે. જયારે બાકીની રકમ પાવાગઢ પર્વતના વિકાસાર્થે જિલ્લા પંચાયત ખર્ચે છે.

માંચી હવેલી ધર્મશાળાએથી અર્ધોએક માઇલનું અંતર કાપ્યા બાદ "મકાઇ કોઠાર" નજરે પડે છે. જેમાં રાજપૂત રાજાઓના સમયમાં અનાજનો સંગ્રહ કરવામાં આવતો હોવાની માન્યતા પ્રવર્તે છે. આ ઇમારતને ત્રણ ઘુમ્મટ છે તથા બે નાનાં ટાંકાં છે. પાસે જ મકાઈ કોઠારનો દરવાજો છે. મકાઇ કોઠારથી થોડે દુર "ચીંથરિયા દેવ" નું સ્થાનક છે. આ સ્થળે એક ઝાડ ઉપર કપડાનાં ચીંથરાં ભરાવેલાં નજરે પડે છે, તેથી સ્થાનિક પ્રજા તેને ચીંથરિયા દેવ નામે ઓળખે છે. અહિંયાંથી પગરસ્તો બે દિશામાં ફંટાઈ જાય છે. પ્રથમ રસ્તો "મહાકાળી ટૂંક" તરફ આગળ વધે છે. જયારે બીજો માર્ગ–શ્રી ભદ્રકાળી માતાજીનું મંદિર તથા રાજા પતાઈ રાવળનો મહેલ જયાં આવેલાં છે તે "ભદ્રકાળી શિખર" તરફ જાય છે.

આપણે "મહાકાળી ટૂંક" જવાના માર્ગે આગળ વધીએ છીએ. થોડુ ચઢાણ પસાર કર્યા બાદ "પાટીયા પુલ" નો દરવાજો આવે છે. આ દરવાજાની રચના જ એવા પ્રકારની છે કે ખાઇને ઓળંગીને જ તે દરવાજામાં પ્રવેશ થઇ શકે. ખાઇને ઓળંગવા માટે અગાઉના સમયમાં લાકડાનો બનાવેલો પુલ હતો, પરંતુ હવે

તેને સ્થાને સિમેન્ટનો પુલ બાંધવામાં આવેલ છે. અહીંથી પહાડનું કઠણ ચઢાણ શરૂ થાય છે. આવું કેટલુંક ચઢાણ પસાર કરીને "તારાપોળ" આવી પહોંચાય છે. તારાપોળથી થોડેક ઉપર તરફ **નગારખાના-ટકોરખાનાનો** દરવાજો આવેલો છે. પહાડ પરના કિલ્લાઓની હારમાળાનો આ સૌથી છેલ્લો અને સૌથી વધુ ઉંચાઇ પર આવેલો દરવાજો છે. રાજપૂત રાજાઓના સમયમાં આ દરવાજાની મેડી પરથી રાત્રિ-દિવસનાં ચોઘડીયાં દર્શાવતાં નગારાં વગાડવામાં આવતાં હોવાથી આ દરવાજાને ટકોરખાના–નગારખાના નામે ઓળખવામાં આવે છે. અહીંયાથી પહાડના ઉપર તરફના ભાગને મુસલમાન રાજ્યકર્તાઓના સમયમાં "મૌલિયા" નામે ઓળખવામાં આવતો હતો, પરંતુ આજે તો એ નામ હવે લગભગ અદશ્ય થયું છે.

ટકોરખાનાના દરવાજાથી થોડે જ દુરના અંતરે શ્રી દિગંબર જૈન ધર્મનાં ત્રણ મંદિર આવેલાં છે, પહાડના કઠણ ચઢાણથી થાકેલા પ્રવાસીઓ અહીં રસ્તામાં આવતી હોટલોમાં ગરમ–ઠંડા પીણાંની મજા માણીને આગળની મજલ શરૂ કરે છે. રસ્તો હવે છાશિયા તળાવની પાળે પાળે આગળ વધે છે. તળાવના સામા કિનારે, પુરાણા પાશુપત સંપ્રદાયના ભગવાન લકુલીશનું મંદિર ભગ્નદશામાં નજરે પડે છે. આ મંદિરની બારીક કોતરણી તથા તેની જંઘામાં કંડારાયેલી મૂર્તિઓ ખરેખર સુંદર છે. તળાવની બાજુએ શ્રી દિગંબર જૈન મંદિર છે. અહીંથી માત્ર પાંચેક મિનિટમાં જ, માતાજીના માનસરોવર તરીકે જાણીતા **દૂધિયા સરોવરને** કિનારે આવી પહોંચાય છે. માનસરોવરના ઠંડા અને સફેદ દૂધ જેવા રંગીન અને શુધ્ધ જળમાં સ્નાન કરવાથી પહાડના ચઢાણનો થાક દૂર થાય છે. અને મન અને શરીર પ્રફુલતા અનુભવે છે. સરોવરમાં સ્નાન કરવા માટે ઓવારા (ઘાટ) તેમજ આરામ કરવા માટે શેડ

બાંધવામાં આવ્યાં છે. વળી પીવા માટેનું ચોખ્ખું પાણી મળી શકે તે હેતુથી સરોવરના કિનારે કૂવો ખોદવામાં આવ્યો છે.

દુધિયા સરોવરની પાળ પર, માતાજીને ભેટ ધરવા માટેની પ્રસાદી–આદીની દુકાનો છે. જ્યાંથી ભાવિકજનો શ્રીફળ, કંકુ, અગરબત્તી, સાકર–સાકરીયા, ચૂંદડી, ચાંદીનાં પારણાં વગેરે ખરીદ કરે છે અને આ રમણીય સરોવરને કિનારે જૈન મંદીરની પાસે આવેલાં ઝાડની શીતળ છાયામાં ઓટલા પર બેસીને પ્રવાસીઓ બે–ઘડી વિશ્રામ કરે છે, તથા ઓટલાની સામે જ આવેલી **"શ્રી દૂધિયા રેસ્ટોરન્ટ એન્ડ ભોજનાલય"**-માં બનતી સ્વાદિષ્ટ અને તાજી વાનગીઓ તેમજ ઠંડા–ગરમ પીણાં આસ્વાદે છે. વળી અહીં લોજીંગ–બોર્ડીંગની પણ સુંદર વ્યવસ્થા હોવાથી અગાઉથી ઓર્ડર આપવાથી જમવાનું મળી શકે છે. તથા પ્રવાસીએ જો આ સ્થળે રાત્રિભર રોકાવું હોય તો તે અંગેની વ્યવસ્થા પણ આ હોટલના સંચાલક શ્રી રમણભાઈ જોષી કરી આપે છે. આ સરોવરને કિનારે આવેલી અન્ય હોટલ–લોજોમાં પણ ઉપર્યુક્ત પ્રકારની સગવડ મળી રહે છે. આમ પહાડની છેક ટોચ પર આવી બધી સગવડો પ્રાપ્ત થતી હોવાથી પ્રવાસીઓને ઘણી સુગમતા રહે છે. યાત્રિકોને આ સ્થળે એકાદ રાત્રિ રોકાઇને માતાજીનાં વારંવાર દર્શન કરવાનો લહાવો પણ મળી શકે છે.

સરોવરના દક્ષિણ તરફના કિનારે થોડેક નીચેના ભાગમાં સિદ્ધ પુરૂષ **"આલક નાથજી મહારાજ"**નો આશ્રમ છે. જ્યાં આખુંયે વર્ષ અનેક શ્રદ્ધાળુ લોકો મહારાજશ્રીના સત્સંગ અર્થે આવે છે. વળી સરોવરને કિનારે શ્રી દિગંબર જૈનધર્મનાં મંદિરો આવેલાં છે. જેમાંનું શ્રી સુપાશ્વનાથ ભગવાનનું મદિર ખરેખર પ્રાચીન અને વિશાળ છે. મંદિરની નજીકમાં જ શ્રી રામચંદ્રજીના પુત્રો લવ–કુશનાં ચરણોની દેરી છે. તથા સામે જ શ્રી શાંતિનાથજી ભગવવાનનું મંદિર નજરે પડે છે.

પ્રવાસીઓ આ બધાં જૈન મંદિરોમાં દર્શન કરીને છેલ્લી ટૂંક તરફ આગળ વધે છે. અહીંથી થોડુક ચાલ્યા બાદ, પથ્થરોથી બાંધેલી સીડી છે.–ઈતિહાસકારો નોંધે છે કે મહાદજી સિંધીયાએ આ સીડીનાં પગથિયાં સમરાવ્યાં હતાં. લગભગ ૨૨૮ જેટલાં પગથિયાં ચઢયાં બાદ શ્રી કાલિકા માતાજીનું પ્રાચિન મંદિર આવે છે, દૂરથી જ આ મંદિરની પ્રાચિનતાનો ખ્યાલ આવી શકે છે, તથા મંદિરમાં થતો ઘંટારવ સંભળાય છે. ભાવિકજનો જોરજોરથી માતાજીની જય પુકારે છે અને માતાજીના મંદિર પાસેના ચોગાનમાં ગરબા ગાય છે. મંદિરના મુખ્ય પ્રવેશ દ્વારની ડાબી બાજુએ 'ભૈરવ'ની વિરાટ મૂર્તિ નજરે પડે છે, મુખ્ય પ્રવેશ દ્વારથી અંદરના ભાગમાં આવેલુ છે. આ મંદિર પ્રાચિન છે, અને તેની દીવાલો પર દેવ–દેવીઓની મૂર્તિઓ કંડારાયેલી છે. મંદિરના મધ્ય ભાગમાં ઘુંમ્મટની નીચે ઉભા રહીને યાત્રિકો શ્રી કાલીકા માતાજીનાં પવિત્ર દર્શન કરે છે. ગર્ભદ્વારની તદ્દન મધ્યમાં શ્રી કાલિકા માતાજીનો ગોખ છે. ( અહીં માતાજીની મૂર્તિ નથી ) તે ઉત્તરાભિમુખ સ્થિતિમાં છે. ગોખના અગ્ર ભાગમાં ત્રિશુળ અને વિશાયંત્ર સ્થાપિત કરાયેલાં છે. માતાજીના ગોખના જમણી તરફ શ્રી મહાકાલી માતાજીનુ મૂર્તિ સ્વરૂપ તથા ડાબા પડખે શ્રી બહુચરાજી માતાજીની આંગી અને શ્રી મહાલક્ષ્મીદેવી વિરાજમાન થયેલાં છે.

યાત્રિકો માતાજીનાં ચરણોમાં શ્રીફળ, ફળફળાદી, ફૂલહાર, પ્રસાદી વગેરે સપ્રેમ ભેટ ધરાવે છે, અને પૂર્ણ શ્રદ્ધાથી બાધા-માનતા છોડાવીને ભેટ મૂકે છે. પૂજારીજી, માતાજીનાં ચરણોમાં ધરાવેલી પવિત્ર પ્રસાદી યાત્રિકોને પરત આપે છે. તથા કંકુના ચાંરચા કરે છે. યાત્રિકો પણ દક્ષિણા આપીને ભાવપૂર્વક દર્શન કરીને પ્રણમ કરે છે.

માતાજીના મંદિરની ટોચ ઉપર સદનશા પીરની દરગાહ આવેલી છે. પ્રચલિત દંતકથા પરથી એમ જાણવા મળે છે કે, માતાજી જ્યારે પતાઈ રાવલ પર કોપાયમાન બનીને ધરતીમાં સમાઇ જવા તૈયાર થયાં, ત્યારે તેમના પરમ ભક્ત સદનશાએ દંડવત્ પ્રણામ સહ આજીજી કરીને તેમને વાર્યાં હતાં.

પૂર્ણ શ્રદ્ધા અને ભકિતભાવે શ્રી કાલિકા માતાજીનાં દર્શન કરીને યાત્રિકો–પ્રવાસીઓ પરત પહાડ ઉતરવાનું શરૂ કરે છે. અને રસ્તાનાં મુખ્ય જોવાલાયક પુરાણાં અવશેષો–ઇમારતોની મુલાકાત લેતા લેતાં નીચે તરફ પ્રયાણ આદરે છે. વળી પહાડ પરથી હવે પાછા નીચે ઉતરતાં ઉતરતાં જોવાલાયક સ્થળોની મુલાકાત લેવી એ વધું સુગમ પણ બની રહે છે. કારણ કે પહાડ ઉતરવામાં ચઢવા કરતાં થાક ઓછો લાગે છે.

ટંકોરખાનાના દરવાજા પાસે આવેલાં દીગંબર જૈન મંદિરોની નજીકમાંથી એક પગદંડી **"નવલખા કોઠાર"** તરફ જાય છે. આ કોઠાર જોવાલાયક પ્રાચિન ઈમારત છે. લગભગ ૨૦૦૦ ફૂટ ઊંડી ખીણની તદ્દન ધાર પરજ ઉભેલી આ ઇમારત પ્રવાસીઓને આશ્ચર્યચકિત કરી દે છે. ઇમારતની તદ્દન નજીકમાંની ઊંડી ખીણમાંથી ફુંકાતો સુસવાટા ભર્યો પવન, પ્રવાસીઓને ઘડીભર ગભરાવી મૂકે છે. પ્રાચિન કાળમાં એમાં અનાજનો સંગ્રહ કરવામાં આવતો હોવા અંગેની દઢ માન્યતા પ્રવર્તે છે.

અહીંથી ઉત્તર તરફની ધારે ધારે આગળ વધતી કેડીએ, આગળ વધતાં, નિર્મળ અને ઠંડા પાણીથી ભરેલા ગંગા, જમના અને સરસ્વતીના નામથી જાણીતા ત્રણ કુંડ નજરે પડે છે. આમાંના સરસ્વતી કુંડ (ઈંટેરી કુંડ)ની પાસે જ પડેલી લોખંડની પ્રાચીન તોપ, આપણને, ચાંપાનેરના પતન સાથે સંકળાયેલા ખૂનખાર યુદ્ધની યાદ તાજી કરાવે છે.

સદીઓ પુરાણી આ તોપ લગભગ ૮ ફુટ લાંબી અને ઘણી વજનદાર છે. કેટલીક વખતે તો તોપને, તેના એકાદ છેડેથી ઉંચકીને ઉભી કરવાની બાબતમાં, હોડમાં ઉતરતા ભલભલા સશક્ત પ્રવાસીઓના પાણી પણ ઉતરી ગયેલાં અનુભવ્યાં છે અને એ કારણે જ તે અનેક સદીઓ બાદ પણ આજે ત્યાં પડેલી નજરે પડે છે. અહીંથી માત્ર બે એક મિનિટમાં જ ટકોરખાનાના દરવાજે આવી પહોંચાય છે; જયાંથી હવે ફરી પાછું મુખ્ય માર્ગે પહાડનું ઉતરાણ શરૂ થાય છે

હવે જોવાલાયક અન્ય સ્થાનો છે શ્રી ભદ્રકાલી માતાજીનું મંદિર અને રાજા પતાઈ રાવલનો મહેલ...પાટીઆ પુલનો દરવાજો વટાવ્યા બાદ ચીંથરીયા દેવનુ સ્થાન આવેલું છે, અહીંથી ભદ્રકાલી શિખર તરફ જવાય છે. હાથિયા ખીણની ધારે ધારે પસાર થતી કેડીએ માત્ર ચારેક ફર્લાંગનું અંતર પસાર કર્યા બાદ રાજા પતાઇ રાવલનો મહેલ આવે છે. આજે તો આ ઈમારત તદ્દન ભગ્ન દશામાં છે. છતાં પણ લગભગ ૧૫૦૦ ફૂટની ઉંડી ખીણની ધાર ઉપર બાંધવામાં આવેલો આ મહેલ પ્રવાસીઓને અચરજ પમાડે છે. મહેલની પાસે જ એક દરવાજો તથા બે મોટાં ભોંયરાં (પાણીનાં ટાંકાં) પણ છે. રાજાના મહેલથી માંડ અર્ધો માઇલ દૂર શ્રી ભદ્રકાલી માતાજીની નાની દેરી છે. દેરીમાં સ્થાપિત કરાયેલ માતાજીની મૂર્તિ પૂર્વાભિમુખ છે. અહીંથી પાછા વળતાં રસ્તામાં એક નાનું સરખુ પ્રાચીન તળાવ નજરે પડે છે. જો કે આજે તો એ પણ તૂટી ગયેલું અને પુરાણ થઈ ગયેલ હાલતમાં છે. છતાં એની રચના પરથી એમ માનવાને કારણ મળે છે કે નજીકમાં આવેલ રાજાના મહેલને પાણી પુરવઠો પૂરો પાડવા માટે આ તળાવનો ઉપયોગ થતો હશે. પતાઈ રાવલનો મહેલ પસાર કરીને આગળ જતાં એક પગદંડી સીધી જ, ટૂંકા રસ્તે હોલી ડે-કેમ્પ અને માંચી હવેલાએ લઈ જાય છે.

પંહાડ પરના પર્યટનને કારણે થાકેલા પ્રવાસીઓ માંચી હવેલીએ ઘડી–બેઘડી વિસામો લઈને; પોતાનું જમણ પતાવે છે. અને થાક દુર થતાં ફરીથી પાછી પોતાની મજલ શરૂ કરે છે. માંચી હવેલીએથી એક પગદંડી વિશ્વામિત્ર ઋષિના આશ્રમ તરફ જાય છે. દંતકથા પ્રમાણે શ્રી વિશ્વામિત્ર ઋષિએ, આ સ્થળે હજારો વર્ષ સુધી ઘોર તપ આદર્યું હતુ અને તેના પ્રતાપ વડે વિશ્વામિત્રિ નદીનો ઉદ્દ્ભવ થવા પામ્યો હતો. આશ્રમની પાસેથી જ નદીનો પ્રવાહ પસાર થાય છે અને થોડે સુધી વહ્યા બાદ, ધોધ સ્વરૂપે ઉંડી ખીણમાં પડે છે. ઉનાળા–શીયાળામાં જીર્ણ બની જતો પરંતુ ભર ચોમાસાની ઋતુંમાં વિશાળ જળપ્રવાહ ધરાવતો આ ધોધ ચોમાસામાં ખરેખર આનંદ પમાડે છે. અહીંથી થોડે દુર સાત મજલી મકાન યાને ખાપરા–ઝવેરીનો મહેલ આવેલો છે. લોકવાયકા અનુસાર પ્રાચીન સમયમાં ખાપરો અને કોડીયો નામે શાહી લુંટારા થઇ ગયા. તેમણે ધનસંપત્તિ સંતાડવા તથા અવાર–નવાર આશ્રય મેળવવા માટે આ ઈમારત બંધાવેલી હોવાની માન્યતા પ્રર્વતે છે. ભયાનક ઉંડી ખીણુની તદ્દન ધાર ઉપર બાંધવામાં આવેલ આ ઈમારત પ્રવાસીઓને હેરત પમાડે છે તેના ભોંયતળીયે પહોંચવા માટે લગભગ ૧૨૫ જેટલાં પગથીયાં ઉતરવાં પડે છે. કહેવાય છે કે અહીંથી મહેમદાવાદ, ડભોઇ અને છેક અમદાવાદના માર્ગોને સાકળતાં ભોંયરાં બનાવવામાં આવ્યાં હતાં જો કે ઉપર્યુક્ત લોકવાયકાને સમર્થન પૂરૂં પાડે એવા કોઈ જ ચીન્હ નજરે પડતાં નથી. વળી આ ઈમારત ખરેખર કોણે અને કયારે બંધાવી હશે એ પણ માત્ર અટકળનો વિષય બની રહિ છે તો પણ પાવાગઢની મુલાકાત લેનાર પ્રત્યેક પ્રવાસીએ જોવા જેવી આ ઇમારત ખરેખર અદ્દ્ભુત છે. મહેલની આગાસી પરથી ઉંડી ખીણમાં નજર નાખતાં મનોહર વનરાજી નજરે પડે છે. બાજુમાં જ નદીના ધોધનું રમણીય દશ્ય જોવા મળે છે, અને સામેના પહાડની કંદરાઓમાં ઉલણુ–ઝુલણુની

ચોકી શિકાર બારી તથા સો થાંભલાના મકાન પાસેનું અન્ય મકાન દેખાય છે.

આ મનોહર સ્થળની મુલાકાત પૂરી કરીને પ્રવાસીઓ 'લાલીના દરવાજા' પાસેના મુખ્ય રસ્તે આવી પહોંચે છે, અને ત્યાંથી માત્ર બે-ત્રણ મિનિટમાં જ બુઢિયા દરવાજે પહોંચી જવાય છે.

દરવાજાની ઉપરવાસમાં ઉત્તર બાજુએ, કિલ્લાના એક ખૂણામાં પ્રાચીન સમયની નાના-મોટા કદની કેટલીક લોખંડની તોપો પડેલી છે. જ્યારે બીજી બાજુએ આ કિલ્લાઓની હરોળમાં લગભગ એકાદ ફર્લાંગ જેટલે દુર 'સાત કમાનો' અને ભોંયરૂ આવેલાં છે. આ કમાનોમાંની છ અત્યારે પણ હયાત છે, અને બૂઢિયા દરવાજા પરથી તે નજરે પડે છે. પરંતુ બૂઢિયા દરવાજાથી સાત કમાનોએ પહોંચવાનો રસ્તો વિકટ હોવાથી માત્ર પર્વત ખેડૂઓ તથા સાહસિક પ્રવાસીઓ જ સાત કમાનોના સ્થળની મુલાકાત લેવાની હિંમત ખેડી શકે છે.

થાકયા-પાકયા પ્રવાસીઓ, બુઢિયા દરવાજા પાસે આવેલા એસ. ટી. બસ સ્ટેન્ડ પરથી બસમાં બેસીને પહાડની તળેટીમાં આવેલા પાવાગઢ ગામમાં પહોંચી જાય છે. અને ગામમાં આવેલી ધર્મશાળાઓમાં રોકાઇને, ગામના કિલ્લાની અંદરના તથા બહારના ભાગમાં આવેલાં વિવિધ જોવાલાયક સ્થળોની મુલાકાત લે છે—અને ત્યારબાદ અંતે આ રમણીય પર્વતની અવિસ્મરણીય મુલાકાત પૂરી કરે છે.

દેશવિદેશના અનેક મુસાફરો પણ આ ઐતિહાસિક સ્થળની મુલાકાતે આવે છે. સરેરાશ પ્રતિવર્ષે લગભગ **દોઢ થી બે** લાખ પ્રવાસીઓ આ મનોહર સ્થળની મુલાકાત લે છે. જેથી આખુંય વર્ષ આ પહાડ સહેલાણીઓથી ઉભરાયેલો રહે છે.

# ૪

# ધાર્મિક માહાત્મ્ય

ઇ. સ. ના પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં હિંદુ રાજપૂત રાજા જયસિંહદેવ ઉર્ફે "પતાઇ રાવલ" ચાંપાનેર યાને "પાવકદુર્ગ"માં રાજ્ય કરતો હતો. ગુર્જર પ્રદેશનાં દેશી રાજપૂત રાજ્યોમાં ચાંપાનેર પણ એક આગળ પડતું અને સમૃદ્ધ રાજ્ય ગણાતું હતું. ત્યાંની પ્રજા સમૃદ્ધ, સુખી અને સંતોષી હતી. કિલ્લેબંધી વાળી વિશાળ ચાંપાનેર નગરીને **બાવન બજાર અને ચોર્યાશી ચૌટાં** હતાં. અને તે વ્યાપારનું મુખ્ય કેન્દ્ર હતું. રાજ્યમાં ખાસ ઝગડાઓ પણ ન હતા અને સૌ નગરજનો શ્રી મહાકાલી માતાજી પ્રત્યે અદ્ભુત ભક્તિભાવ ધરાવતાં હતાં. આમ રાજ્યમાં સર્વત્ર શાંતિ અને સમૃદ્ધિ પ્રવર્તતી હતી.

પ્રજા તથા રાજા સૌ શ્રી માતાજીની ભક્તિમાં તલ્લીન બનેલાં હતાં, અને પરંપરાગત ચાલી આવતા રૂઢિ પ્રમાણે ધાર્મિક તહેવારોમાં શહેરના ચૌટાંઓમાં તથા રાજમહેલના પટાંગણમાં માતાજીના ગરબા ગવાતા હતા. પહાડ ઉપરના અંતિમ દરવાજે, દિવસ–રાત્રીનાં ચોઘડિયાં વગાડવામાં આવતાં હતાં એમાંયે નવરાત્રિના તહેવારો દરમિયાન તો નવે નવ, દિવસ, ખૂબ અહોભાવ, આનંદ અને ભક્તિરસથી ઉજવાતા હતા. ઘેર–ઘેર ચૌટે–ચૌટે તથા મંદિરોમાં આવેલા દીપમાળામાં રોશની પ્રગટાવવામાં આવતી હતી.

પ્રજામાં પ્રચલિત દંતકથાના આધારે વહેતી મૂકાયેલી લોકવાયકા અનુસાર કહેવાય છે કે, રાજાની પટરાણી અને અન્ય

રાણીઓ પોતાના મહેલની આગળના ચોકમાં નવરાત્રિના દિવસોમાં માતાજીના ગરબા ગાતી અને ગવડાવતી તથા ગરીબ દુખીયાંને પુણ્યદાન કરતી. આમ આ બધા દિવસોમાં ગરબા ગાતાં એટલી બધી રંગત જામતી કે ખુદ દેવીઓને–મહા–કાલી માતાને પણ ગરબામાં ભાગ લેવાની ઇચ્છા જાગૃત થઈ આવતી, પરંતુ પોતે દેવલોક હોવાથી, મૃત્યુલોકના માનવીઓ સાથે ગરબે ઘુમવું એ અણછાજતું લાગતું, વળી તેમનાં બહેન શ્રી ભદ્રકાલી માતાજીએ પણ આ રીતે મૃત્યુલોકના માનવીઓ સાથે ગરબા ગાવા અંગે અનિચ્છા દર્શાવી હોવા છતાંય, એક રાત્રિએ શ્રી મહાકાલી માતા પોતે વેશ પરિવર્તન કરીને, મૃત્યુલોકના માનવીની માફક, એક આદર્શ, ગુણવાન અને રૂપરૂપના અંબાર સમી તેજસ્વી નવયૌવનનું રૂપ ધારણ કરીને, રાજમહેલના પટાંગણમાં ગરબે ઘુમતી રાણીઓની સાથે ગરબે ઘુમવા લાગ્યાં. માતાજી પોતે ગાતાં અને ગવડાવતાં, જેથી રાજાની રાણીઓ પણ આ રૂપવતી અને લાવણ્યમયી નવીન સ્ત્રીને જોઇને વિસ્મય પામવા લાગી. આમ અંતે મધ્યરાત્રિએ અને છેક વહેલી સવાર સુધી ગરબાઓની રંગત જામી. એટલામાં રાજા પતાઇ રાવલના એક દુષ્ટ મિત્રે, ગરબામા ઘુંમતી નિહાળેલી તે રૂપવતી સ્ત્રીની વાત રાજાને કાને કહી સંભળાવી, અને લાલચથી પ્રેરાઈને તે દુષ્ટે, તે સ્ત્રીના રૂપનાં અનહદ વખાણ કરવા માંડયાં, અંતે રાજા લોભાયો, તેનામાંથી અમી નાશ પામી, કુદષ્ટિએ તેનામાં વાસ કર્યો, અને વિનાશકાળે વિપરીત બુદ્ધિ બનતાં, રાજા પતાઈ મોહપાશમાં જકડાઈને, ગરબે ઘુમતી તે રૂપવતી સ્ત્રીને નિરખવા, દુષ્ટમિત્રની સાથે ત્યાં પહોંચ્યો.

પહેલી દષ્ટિએ જ રાજાને આ દૈવી શકિતનું ભાન થયું, અને તેણે આંચકો અનુભવ્યો છતાંય વિનાશની નોતરેલી વિપરીત બુદ્ધિએ તેનામાં વિકાર ઉત્પન્ન કર્યો, અને દુષ્ટ વિચારથી પ્રેરાઈને,

રાજાએ દેવીની સાડીનો પાલવ પકડયો ગરબે ઘૂમતાં દેવી આથી ઘડીભર ઊભાં રહ્યાં, અને પોતાની પાસેથી કંઈક મેળવવાની ઇચ્છા છે, એમ માની લઈને, માતાજીએ રાજાને કહ્યું કે "હે રાજા, માંગ તું માગે તે આપું." અને આમ કહીને, તેને ત્રણે-લોકનું અમર રાજ્ય, સહસ્ત્ર હાથી-ઘોડા, જર-ઝવેરાત વગેરે તથા અમર જીવન બક્ષવાનું કહ્યું પરંતુ કુદૃષ્ટિવાળા રાજાએ, માતાજીનો પાલવ ન છોડયો. આથી માતાજીએ; એનાથી પણ વધુ સમૃદ્ધિ બક્ષવાનું વચન આપ્યું છતાં પણ રાજા ન માન્યો. અને માતાજીને પોતાના મહેલે આવીને વસવાની તથા તેમને પોતાની પટરાણી બનાવવાની વાત આગળ ધરી. આથી માતાજી એકદમ ક્રોધાયમાન થયાં અને રાજાને શ્રાપ આપ્યો કે "જા તારો છ માસે અને છ ઘડીએ વિનાશ થશે"...શ્રાપ આપીને ત્યાંથી અદૃશ્ય થયા. અને પહાડની છેક છેલ્લી ટૂક પર આવેલાં પોતાના સ્થાને આવીને ક્રોધાવેશમાં, ધરતીમાં સમાવા લાગ્યા, આ વખતે માતાજીના પરમભક્ત સદનશાહ નામના વાણીયાએ તેમને પ્રણામસહ નમસ્કાર કરીને માતાજીને આજીજીપૂર્વકની વિનંતી દ્વારા ધરતીમાં સમાઈ જતાં અટકાવ્યાં, તથા ભોળી પ્રજાનું રક્ષણ કરવા અને રાજાને ક્ષમા આપવા કરગરવા લાગ્યો. ભક્તની આગ્રહભરી વિનંતીથી માતાજીનો ક્રોધ શાંત બન્યો, અને રાજા પ્રત્યે દયા ઉત્પન્ન થતાં તેમણે કહ્યું કે જા, મારા આપેલા શ્રાપ પ્રમાણે રાજાનો વિનાશ તો જરૂર થશે જ તથા તેનું સમૃદ્ધ રાજય પણ મુસલમાન બાદશાહના હાથે નાશ પામશે. પ્રજા અને સંપત્તિનો નાશ થશે, છતાં પણ તેનું નામ અમર રહેશે."–અને તે ઇતિહાસ પ્રસિદ્ધ બનશે તથા તેના વંશજો આ પહાડની આજુબાજુના પ્રદેશોમાં રાજ્ય કરશે......આમ વચન આપીને માતાજી અદૃશ્ય થયાં.

રાજાને શ્રાપ મળ્યો પછીના થોડા જ સમયમાં, અમદાવાદના સુલતાન મહંમદ શાહને સ્વપ્નમાં દૈવી આદેશ મળતાં તેણે ચાંપાનેર પાવાગઢ પર ચઢાઈ કરવાનો મનસુબો કર્યો, અને લશ્કરી તૈયારી પૂરતા પ્રમાણમાં કરી લઈને ચાંપાનેરના કિલ્લાને ઘેરો ઘાલ્યો, પરંતુ રાજા પતાઇને આ વિષેની માહિતી પોતાના ગુપ્તચરો દ્વારા અગાઉથી જ મળી ચૂકેલી હોવાથી તેણે પણ શકય તેટલી ઝડપથી આવશ્યક ચીજ–વસ્તુઓનો પુરવઠો પુરતા પ્રમાણમાં સંગ્રહ કરી લઈને ગઢના કિલ્લાઓના દરવાજા બંધ કરાવી લીધા તથા કિલ્લાની દરેક હરોળ પર મજબૂત ચોકી પહેરો ગોઠવી દેવામાં આવ્યો.

લાંબા સમય સુધી સતત ઘેરો નાંખીને પડી રહેવા છતાંયે બેગડાનું સૈન્ય જરા પણ ફાવી શકયું નહીં. આખરે હારી થાકીને બેગડો ઘેરો ઉઠાવી લવાની તૈયારીમાં પડયો કારણ કે લાંબા સમયથી તેણે ઘાલેલા ઘેરાથી ખર્ચ અનહદ થઇ ગયું હતું તથા પુષ્કળ શસ્ત્ર સરંજામ પણ વેડફાઈ ચૂકયો હતો.......

આમ પાવાગઢને ઘાલેલો ઘેરો લાંબા સમયને અંતે પણ નિષ્ફળ જવાની તૈયારીમાં હતો, તેવામાં જ રાજા પતાઇના એક દ્રોહી સરદારે બેગડાને એક ખાનગી યુક્તિ બતાવી દીધી અને લાલચના માર્યા, ગઢની અંદર જવાની એક અતિગૂઢ–રહસ્યમય વસ્તુસ્થિતિથી તેને વાકેફ કર્યો. બાદશાહને આ યુક્તિ પસંદ પડી, અને તેણે આજુબાજુના પ્રદેશમાંથી, વણજારાઓ પાસેથી સાંઢની હજારો પોઠો ખરીદી મંગાવી, વળી રાતોરાત છૂપી રીતે દરેક પોઠની બંને બાજુએ હથિયારધારી એક એક ચૂનંદા સૈનિકને છુપાવી દેવામાં આવ્યો. આમ ચૂનંદા સૈનિકોની હજારો પોઠો તૈયાર કરી, પરંતુ આગળની હરોળમાં મોકલવામાં આવનાર કેટ-

લીક પોઠોમાં અનાજ તેમજ અન્ય કેટલીક વસ્તુઓનો જથ્થો ભરવામાં આવ્યો......

અને બાદશાહ પોતે તથા તેના વિશ્વાસુ સૈનિકોએ વણજારાઓનો વેશ પરિધાન કરીને વહેલી સવારે ગાઢ અંધકારમાં વણજારને હંકારીને પહાડ ઉપર ચડવા લાગ્યા અને પહાડ ઉપરના કિલ્લાઓમાંની પ્રથમ હરોળને વટાવીને છેક બૂઢિયા દરવાજાની બીજી ચોકીએ આવી પહોંચ્યા, આ દરવાજો એટલે પહાડ ઉપર જવા માટેના માર્ગ ઉપરની મુખ્ય ચોકી, અહીંના ચોકીદારોનો ઉપરી "બૂઢિયા" નામનો, પતાઈ રાજાનો વિશ્વાસુ સરદાર હતો. અને રાજાના શૂરવીર સૈનિકોમાં તે મોખરાનું સ્થાન શોભાવતો હતો બાદશાહે ગાઢ અંધકારનો લાભ લઈને પોતાની વણજારની કેટલીય પોઠોને આ મજબૂત ગણાતી ચોકી વટાવીને, તેને પેલે પાર પસાર કરાવી દીધી, એટલામાં અજવાળું થતાં બૂઢિયા સરદારને આ પસાર થતી પોઠો ઉપર શંકા ગઈ. અને તેથી તેણે વણજાર હંકારી જતા વણજારાને, પોઠો ખોલી બતાવવા કહ્યું. વણજારાના વેશમાં પોઠોને હંકારી જતા બેગડાના સૈનિકને આથી પોકળ ફુટી જવાની ભીતિ લાગી અને તેણે તેમ કરવાની ના પાડી દીધી. આથી ગુસ્સે ભરાયેલા સરદારે પોતાની પાસેનો તીક્ષ્ણ ધારવાળો, વજનદાર ભાલો પોઠને ભોકી દીધો. ભાલો વાગવાથી પોઠમાં છુપાયેલો સૈનિક એકદમ ચીસ પાડી ઉઠયો અને લોહીની ધાર વહેવા લાગી બાદશાહનું બધુ પોકળ ફૂટી ગયું. અને ત્યાં જ લડાઈની શરૂઆત થઇ ગઈ, બૂઢિયા સરદાર અને તેના શૂરવીર ચોકીદારોએ પોઠોમાં છૂપાયેલા અનેક સૈનિકોને હણી નાખ્યા, અને પોતે પણ લડતાં લડતાં બહાદુરીપૂર્વક મૃત્યુને ભેટયા પરતું બેગડાના અધિક સૈન્યની સામે રાજાના સૈન્યની હાર થઈ. રાજા તથા તેના મંત્રી કુલસિંહને ઘાયલ સ્થિતિમાં પકડવામાં આવ્યા,

અને તેમને ઇસ્લામ ધર્મ અંગીકાર કરવા કહેણ મેકલ્યું, પરંતું સામેથી તેનો તદ્દન અસ્વીકાર કરવામાં આવ્યો. વળી બેગડાના સૈનિકોએ ચાંપાનેર શહેરમાં લૂંટ ચલાવી તથા હિંદુ તેમજ જૈન ધર્મના સ્થાપત્યનો નાશ કર્યો. કહેવાય છે કે આજે જે જે મસ્જિદો **પાવાગઢની** આસપાસ આવેલી છે એ તમામ, એક કાળે હિંદુ અને જૈન મંદિરો હતાં, પરંતુ તેમને તોડીફોડીને બાદશાહે મસ્જિદોમાં ફેરવી-નાખ્યાં.

આ રીતે માતાજીના શ્રાપથી **ચાંપાનેર** યાને "પાવકદુર્ગ"ના સુખી અને સમૃદ્ધ રાજ્યનો કરુણ અંજામ આવ્યો. અને એ રીતે ગુર્જર-પ્રદેશમાંનું એક અગ્રગણ્ય હિંદુ રાજ્ય વિલિન થયું.

**નોંધ :**– શ્રી મહાકાલી માતાજીએ, રાજા પતાઈ રાવલને શ્રાપ આપ્યા અંગેની ઉપરોક્ત હકીકત માત્ર દંતકથા–લોકવાયકા દ્વારા તેમ જ વલ્લભ મેવાડા જેવા કવિભટ્ટોની રચનાઓમાંથી ઉપલબ્ધ બની રહે છે, ધાર્મિક ગ્રંથોમાં આ અંગે કોઈ જ સ્પષ્ટ ઉલ્લેખ નથી. જેથી કદાચ આ ધાર્મિક–ઐતિહાસિક ઘટના એ ભાટ—ચારણો તથા વલ્લભ મેવાડા જેવાઓની કલ્પનાની હેળુ પણ હોઈ શકે છે. પરંતુ આજે તો આ ઘટનાને સાંકળી લેતા ગરબા, ગુજરાતમાં ઘેર–ઘેર ગવાઈ રહ્યા છે. આથી ઐતિહાસિક હકીકતો વિષે બહુ ઊંડાણમાં ન જતાં, દંતકથારૂપી ઉપરોક્ત ઘટનાને યથાયોગ્ય સ્વરૂપમાં જ રજૂ કરવાનું મને ઠીક લાગ્યું છે. તો એ સાથે સહમત ન થનાર વાચક મારા આ પ્રયાસને ક્ષમ્ય ગણશે.

# ૫

# પર્વતનું પ્રાગટ્ય....

પાવાગઢ પર્વતની ઉત્પત્તિ વિશેની નોંધ આપણને પુરાણો-માંથી તથા દંતકથા રૂપે ઉપલબ્ધ બને છે.

રાજર્ષિ વિશ્વામિત્રે આ પહાડ ઉપર હજારો વર્ષો સુધી ઘોર તપ આદર્યું, પરિણામે ત્રણે લોકમાં હાહાકાર મચી ગયો, ઈન્દ્રને પોતાનું ઇન્દ્રાસન જવાનો ભય લાગ્યો અને દેવો પણ ભયભીત બન્યા. ત્યારે દેવોની વિનંતીથી ઈન્દ્રે અતિ સ્વરૂપવાન એવી અપ્સરાઓની રાણી મેનકાને વિશ્વામિત્ર ઋષિના તપમાં ભંગ પડાવીને તેમને વશ કરવા માટે મૃત્યુલોકમાં મોકલી. સંગીત તથા નૃત્યમાં પ્રવિણ એવી રૂપવતી મેનકાએ ઘોર તપમાં લીન બનેલા ઋષિ પાસે જઇ, કુદરતના સાન્નિધ્યનો પૂરેપૂરો સહયોગ મેળવીને સંગીત અને નૃત્યનો આરંભ કર્યો ઘણા સમય બાદ આ નૃત્યથી ઋષિ ચુળ્યાં. તપમાં ભંગ પડયો તપ નષ્ટ થયું અને ઋષિ આ રૂપવતી અપ્સરા સાથે મોહપાશમાં ફસાયા. પરિ-ણામે મેનકાએ એક સુંદર પુત્રીને જન્મ આપ્યો, જે ઇતિહાસમાં **શકુંતલા** તરીકે ખ્યાતી પામી કહેવાય છે કે વિશ્વામિત્ર ઋષિએ હજારો વર્ષ સુધી તપ આદરીને વિશ્વામિત્રી નદી ઉત્પન્ન કરી હતી. જેના અવશેષ રૂપે આજે પણ તે નદી ઋષિના આશ્રમ પાસેથી નીકળીને વહે છે.

એક વખત વશિષ્ઠ ઋષિની પવિત્ર ગાય કામધેનુની પુત્રી નંદિની, ચરતાં ચરતાં ઊંડી ખીણમાં પડી ગઈ. ખીણમાંથી

આપમેળે બહાર નીકળી ન શકવાથી નંદિનીએ પોતાની સમર્થ માતા કામધેનુને યાદ કરી. તેનાં પ્રતાપથી, આંચળમાંથી દુધની ધારાઓ છુટી અને આખીયે ખીણ દુધથી ભરાઈ ગઈ, જેથી નંદિની તરીને સહેલાઈથી બહાર નીકળી આવી. વિશ્વામિત્ર ઋષિ આથી ખૂબ જ પ્રભાવિત થયા. પરંતુ ફરીથી આવો પ્રસંગ ઉપસ્થિત ન થાય એ માટે, રાજા ત્રિશંકુને ઉગારવા માટે રચેલા અદ્ધર પહાડમાંથી એક ભાગ લઈને આ ખીણમાં નાખ્યો જેથી ખીણ પુરાઇ ગઈ અને તેનો બાકીનો ૧/૪ મો ભાગ બહાર રહ્યો, જે આ પહાડ બન્યો. પાવાગઢનો મૂળ શબ્દ "પાગઢ" એટલે કે ૧/૪ મો ગઢ એવો થાય છે. એ હકીકત ઉપર્યુક્ત ઘટનાના સંદર્ભમાં સાચી ભાસે છે વળી પાવાગઢને, હિમાલયનો ચોથો પુત્ર પણ કહેવામાં આવે છે.

આ મહાન પર્વતની ઉત્પત્તિ અંગે બીજી પણ એક દંતકથા પ્રચલિત છે, કે શ્રી રામચંદ્રજી અને લક્ષ્મણ સીતાજીની શોધ કરતા કરતા છેક લંકા પહોંચ્યા અને રાજા રાવણ સાથે યુદ્ધ આદર્યું પરંતુ લડતાં લડતાં દુશ્મનોના શસ્ત્ર પ્રહારથી ઘવાઈને લક્ષ્મણ મુર્ચ્છાવશ બની ગયા. તાત્કાલિક વૈદકીય ઉપચાર શરૂ કરવામાં આવ્યો તથા તાત્કાલિક અસર થાય તે માટે અમુક ચોક્કસ પહાડ ઉપરથી રાતો રાત વનસ્પતિ લઈ આવવા વૈદરાજે સૂચન કર્યું, અને આ વિકટ કાર્યની જવાબદારી, શ્રી રામચંદ્રજીએ પોતાના માનીતા અને વિશ્વાસુ સાથી હનુમાનજીને સોંપી. રાતોરાત શ્રી હનુમાનજી તે પહાડ ઉપર પહોંચ્યા, પરંતુ મંગાવાએલી વનસ્પતિને ઓળખી શકયા નહિ, જેથી દ્વિધા અનુભવવા લાગ્યા. અંતે તેમણે આખોયે પર્વત ઉપાડીને લઇ જવાનું નકકી કર્યું. વૈદકીય ઉપચાર પૂરો થયા બાદ, વળતાં એ પહાડને મૂકવા જતાં, રસ્તામાં તેનો એક ભાગ જમીન ઉપર પડી ગયો, અને તે જ આ પર્વત બન્યો એમ કહેવાય છે. આજે વીસમી સદીમાં પણ

આ પહાડ અમૂલ્ય વનસ્પતિનો અખૂટ ભંડાર ગણાય છે. અને તેથી જ અનેક નામાંકિત વૈદ્યો, તથા વનસ્પતિ શાસ્ત્રના નિષ્ણાતો, અમૂલ્ય વનસ્પતિની શોધમાં આ પહાડની વારંવાર મુલાકાત લે છે.

ઉપર્યુકત હકીકતને સમર્થન મળી રહે તેવી બાબત એ છે કે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના વનસ્પતિશાસ્ત્ર વિભાગમાં કાર્ય કરતા ડો. સબનીસ અને ડો. બેદીએ આ પહાડની કંદરાઓની-જંગલોની વારંવાર મુલાકાત લઈને અમૂલ્ય અને દુર્લભ એવી વનસ્પતિ શોધી કાઢી છે. આ પ્રકારની વનસ્પતિ જવલ્લે જ હાથ સાંપડે છે. કહેવાય છે કે ગુજરાતમાં પાવાગઢ સિવાય બીજે કયાંય તે વનસ્પતિ જોવા મળતી નથી. છેક દોઢસો વર્ષ અગાઉ કર્ણાટકમાંથી આ પ્રકારની વનસ્પતિ ઉપલબ્ધ બની હતી પરંતુ છેલ્લા સૈકામાં આવી વનસ્પતી અન્ય કોઈ સ્થળેથી મળી આવી નથી-એવું, ઉપર્યુક્ત વનસ્પતિશાસ્ત્રીઓનું મંતવ્ય છે.

વળી લાવારસમાંથી ઠંડા પડી ગયેલા ખડકોમાંથી બનેલો આ પહાડ ગુજરાતના અન્ય પહાડો કરતાં અનેક વિશિષ્ટતાઓ ધરાવે છે. આ પહાડની ભૂસ્તરિય રચના પણ અજબ પ્રકારની છે. પહાડની છેક ટૂક પાસેની ખીણો તો જાણે કે કારીગરોએ ઘડી કાઢીને તૈયાર કરી હોય એવી સપાટ નજરે પડે છે. આ પહાડ પર વસવાટ કરતી પ્રજાને આપોઆપ કુદરતી રીતે જ આ પર્વતની વિશિષ્ટ પ્રકારની ભુસ્તરિય રચનાને કારણે રક્ષણ સાંપડી શકે એમ હોવાથી જ... ભૂતકાળમાં ગુજરાતના હિન્દુ રાજપૂત રાજાઓએ તથા ત્યાર બાદ મુસલમાન બાદશાહોએ આ પહાડ અને તેની આજુંબાજુના વિસ્તારનો વિકાસ કરીને પોતાની રાજધાની અહીં સ્થાપી હતી. વળી કહેવાય છે કે, અન્ય રાજાએ તથા કુબેરપતિઓ પોતાનું કિમતી ધન સાચવવા માટે આ નગરમાં મૂકી જતા હતા. આ અંગેની

વધુ વિગતો અન્યત્ર આપેલી હોવાથી, અહીં તેનું પુનરાવર્તન આવશ્યક નથી.

આ પહાડને કેટલાક લોકો "પવનગઢ" તરીકે પણ ઓળખાવે છે. કેમકે આ પહાડ ઉપર હંમેશાં સખત પવન ફુકાયા કરે છે, અને તેથી, તેની ઊંડી ખીણો પવનના સુસવાટાથી બારેમાસ ગુંજતી જ રહે છે. આમ તેને "પવનગઢ" કહેવો એ જ ઉચિત ગણાય

---


-: પાવાગઢ દર્શન છુટક વેચાણ માટે મળો :-

બુકસેલર :- ગુલાબજી નેણજી જૈન

(સુલુંબરવાળા)

૬

# પાવાગઢ.....શ્રી દિગંબર જૈનધર્મનું સિદ્ધ ક્ષેત્ર

પર્વતની છેલ્લી ટૂકની નજીકમાં શ્રી દિગંબર જૈનધર્મના પવિત્ર મંદિરો આવેલા છે, આમાંના ત્રણ મંદિરો દુધિયા સરોવરને કિનારે આવેલાં છે, જ્યારે અન્ય ચાર મંદિરોમાંનાં ત્રણ ટકોરખાના નગારખાનાના દરવાજા પાસે અને બાકીનું એક મંદિર છાશિયા તળાવને કિનારે આવેલું છે.

જૈનશાસ્ત્ર પ્રમાણે પાવાગઢને "સિદ્ધ ક્ષેત્ર"–અતિ પવિત્ર ધામ તરીકે ગણવામાં આવ્યું છે.

ભગવાન શ્રી રામચંદ્રજી અને વીસમા તીર્થંકર શ્રી ૧૦૦૮ મુની સુવ્રતજી બંને સમકાલીન ગણાય છે. શ્રી રામચંદ્રજીને "અનંગ લવણ" અને "મદનાંકુશ" નામના બે રાજકુમારો હતા, જેઓ "લવ અને કુશ" તરીકે પ્રખ્યાત છે. આ બંને ભાઈઓએ સંસારને અસાર માનીને મહોન્દ્રોદય જંગલમાં જઈને, દિગંબર જૈનાચાર્ય શ્રી ૧૦૮ અમૃતેશ્વરમુનિ પાસેથી દીક્ષા લીધી હતી, અને ત્યાંથી તેમનો સંઘ દક્ષિણ તરફ જતાં રસ્તામાં પાવાગઢ આવી પહોંચ્યો. તે દરમ્યાન લવ–કુશ ને પોતાના જીવનનો અંત સમીપ આવ્યો હોવાનું જ્ઞાન થતાં, પાવાગઢ પર્વત ઉપર રોકાઈ ગયા. અને તપશ્ચર્યા આદરીને મોક્ષ (નિર્વાણ)ની ગતિને પામ્યા. વળી "પાંચ કોટી" મુનિરાજ પણ, આજ પહાડ ઉપર તપશ્ચર્યા આદરીને મોક્ષ

પામ્યા હોવાની હકીકત જૈન ગ્રંથોમાંથી મળી રહે છે. દુધિયા સરોવરને કિનારે આવેલી શ્રી **"લવ-કુશના ચરણની દહેરી"** આ હકીકતનું સમર્થન કરે છે.

પહાડ પર આવેલાં દિગંબર જૈન મંદિરોમાં, શ્રી સુપાર્શ્વનાથજી ભગવાનનું મંદિર ઘણુંજ પુરાણું અને વિશાળ છે. દુધિયા સરોવરને કિનારે આવેલા, બાવન જિનાલયવાળા આ મંદિરના જિર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું છે.

વળી પર્વતની તળેટીમાં આવેલા પાવાગઢ ગામમાં પણ દિગંબર જૈન ધર્મનાં બે મંદિરો છે. જૈન યાત્રિકો રાતવાસો ગાળી શકે એ માટે ગામમાં આ સંપ્રદાયની ત્રણ ધર્મશાળાઓ પણ આવેલી છે અને આ બધાંની વ્યવસ્થા માટે **"કોઠી"** (કાર્યાલય) પણ સ્થાપવામાં આવી છે. જેથી આ સિદ્ધક્ષેત્રની યાત્રાએ આવતાં યાત્રાળુઓને તમામ સુવિધાઓ મળી રહે છે.

સવંત ૧૯૫૫ના વર્ષમાં, પ્રખર વિદ્વાન શ્રી ૧૦૮ **આચાર્ય શ્રી કુંથુસાગરજી મહારાજે "** આ પવિત્ર સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસ ગાળ્યા હતા, એની યાદમાં, સફેદ આરસનો **કીર્તિસ્તંભ** (માણેક માનસ્તંભ) બાંધવામાં આવ્યો છે, તેના ઉપર કરાયેલું ઝીણું કોતરકામ ખરેખર સુંદર છે. અને આ સિદ્ધક્ષેત્રની મુલાકાતે આવતા પ્રત્યેક યાત્રિકે તેની મુલાકાત લેવી જ રહી.

**रामचंद्रके सुत दोय वीर; लाड नरेन्द्र आदि गुणधीर।**
**पांच कोडी मुनि मुक्ति मझार; पावागढ वन्दौं निरधार ॥**

## શ્રી દિગંબર જૈનધર્મના યાત્રિકો માટે...

# શ્રી પાવાગઢ સિદ્ધક્ષેત્રની આરતી....

જયદેવ જયદેવ જય લવકુશ દેવા જય લવકુશ દેવા
આરતી કરુ તુમ ચરણે (૨) દૂર કરી ભવ વેથા
જય દેવ જય દેવ...(ટેક)

રામચન્દ્ર કુલ મણ્ડલ, સીતાદેવી માતા.
હાં સીતાદેવી માતા.
જન્મ્યા અયોધ્યાનગરે (૨) ભવીજન મન ભાતા.
જય દેવ જય દેવ (૨)

ગુરુ અમૃતેશ્વર પાસ પામ્યા નિરગ્રન્થ પદ,
હાં પામ્યા નિરગ્રન્થ પદ,
પાંચ કરોડ મુનિશ્વર (૨) પામ્યાં શિવપુરી શિશ.
જય દેવ જય દેવ (૩)

લવ કુશ મોક્ષે બિરાજ્યા, ગિરિ પવાગઢ સોહે,
હાં પાવાગઢ સોહે,
ચૈત્ય અનુપમ રાજીત (૨) ભવીજન મન મોહે,
જય દેવ જય દેવ (૪)

કર જોડીને વિનવે, શ્રાવક જ્ઞાની,
હાં મોહન જ્ઞાની,
ભાવે પાવાગઢ વન્દો (૨) નિત નિત કર જોડી.
જય દેવ જય દેવ (૫)

—: જય જિનેન્દ્રજી :—

# ૯

# પાવાગઢ ઉન્નતિના પંથે

ઐતિહાસિક તેમજ ધાર્મિક મહત્ત્વ ધરાવતો તથા અનેક વૈવિધ્યતાવાળો આ રમણીય પર્વત, સદીઓ બાદ ફરીથી ધીમે ધીમે પુનરૂદ્ધાર પામી રહ્યો છે અને એ ઉન્નતિના પંથે પ્રયાણ કરી રહ્યો છે.

પહાડ પર જવા માટે ગામના એસ. ટી. બસ સ્ટેન્ડથી છેક માંચીહવેલી–હોલી ડે–કેમ્પ સુધીનો પાકો ડામર રોડ–મોટરમાર્ગ તરીકે સંપૂર્ણ તૈયારી થઈ ગયો છે, જેથી હવે ખાનગી મોટરકારો તથા અન્ય વાહનો માંચી હવેલી ધર્મશાળા તથા હોલી ડે–કેમ્પ સુધી આસાનીથી જઈ શકે છે. જયારે એસ. ટી. બસ હજુ પૂર્વવત્ બૂઢિયા દરવાજાના સ્ટેન્ડ સુધી જ જાય છે, કારણ કે કોઇક અગમ્ય કારણોસર હજુ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના અધિકારીઓ તરફથી, બૂઢિયા દરવાજાના સ્ટેન્ડેથી આગળ, માંચી હવેલી–હોલી–ડે–કેમ્પ એસ. ટી. બસ લઇ જવાનો હુકમ થવા પામ્યો નથી.

રાજ્ય સરકારના વિદ્યુત ખાતાની ગ્રીડ યોજના અન્વયે પાવાગઢ ગામ, માંચી હવેલી ધર્મશાળા, તેમજ હોલી ડે–કેમ્પને વીજળી પૂરવઠો પહોંચાડવામાં આવ્યો છે. વળી વીજળી પ્રવાહ ઉપલબ્ધ બનવાથી ગામમાંની કેટલીક ધર્મશાળાઓ પણ નવી સજાવટ સજી શકયા છે, જેથી હવે આ વધુ સુવિધાવાળી ધર્મશાળાઓમાં પ્રવાસીઓને સારી સગવડો પ્રાપ્ય બનવા લાગી છે, વળી વારીગૃહ દ્વારા પાવાગઢ ગામને પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તદ્ઉપરાંત ગ્રામપંચાયત તરફથી ગામના રસ્તાઓની સફાઇ તથા દીવાબત્તીની સગવડ પણ પૂરી પાડવામાં આવે છે.

એજ રીતે પહાડની મધ્યમાં આવેલ વિસામા સ્થાન માંચી હવેલી ધર્મશાળા તેમ જ હોલી ડે-કેમ્પ ખાતે પણ ઉત્તરોત્તર સગવડો વધારાઈ રહી છે. અહીંયા ઉપર્યુક્ત બંને સંસ્થાઓએ પોતાતાં અલગ અલગ વારીગૃહો ઉભાં કરીને તે દ્વારા પાણી માટેના જાહેર નળની વ્યવસ્થા ઊભી કરી છે. તદ્ઉપરાંત રાત્રીભર રોકાવા ઇચ્છતા પ્રવાસીઓને વધુ સવલતો મળી રહે એ માટે ગાદલાં–રજાઈ, વાસણ દીવાબત્તી વગેરેની સગવડો પણ વિસ્તારવામાં આવી રહી છે.

હોલીડે–કેમ્પની કેન્ટીનમાં તેમજ માંચીહવેલી ધર્મશાળાની સામે આવેલી હોટેલ–લોજોમાં ચા–નાસ્તાની વિવિધ વાનગીઓ, ઠંડાંપીણા તથા જમણનો પ્રબંધ થઈ શકે છે.

માંચીહવેલીથી પહાડ પરના ઉપર તરફના કઠણ ચઢાણને સરળતાથી પસાર કરી શકાય એ માટે રસ્તામાં અનેક જગ્યાએ સિમેન્ટ–પથ્થરનાં પગથિયાં બાંધવામાં આવ્યાં છે.

માંચી હવેલી ખાતે દૈનિક પોસ્ટ ઓફિસ શરૂ કરાઈ છે, જ્યારે ટેલિફોન–ટેલીગ્રામની સગવડો પાવાગઢ ગામની પોસ્ટ ઓફિસેથી પ્રાપ્ય બની રહે છે, વળી પ્રવાસીઓને તાત્કાલીક દાકતરી સારવાર મળી રહે એ માટે પાવાગઢ ગામમાં "પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર" સ્થાપવા અંગેની કામગીરી આરંભાઈ ચૂકી છે.

વળી પહાડની છેક ટોચ પર આવેલા દૂધિયા સરોવરમાં સ્નાન કરવા માટે ઘાટ–ઓવારા બાંધવામાં આવ્યા છે તથા ઘડીભર વિસામો લેવા માટે સરોવરને કિનારે, એક સદ્‌ગૃહસ્થ દાતાએ "શેડ" (shed) બંધાવી આપ્યું છે. તદ્ઉપરાંત આ સરોવરને કિનારે આવેલી હોટલ લોજો તથા બોર્ડિંગ હાઉસમાં પ્રવાસીઓને રાત્રિભર રોકાવા માટે જમવા માટે તથા ચા–નાસ્તા માટેની સગવડો વધવા પામી છે, જેથી હવે તેઓ પહાડ પર આવેલાં માંચીહવેલી ધર્મશાળા, હોલી

ઉ-કેમ્પ તેમજ દૂધિયા સરોવરને કિનારે આવેલી હોટલ–લોજો–બોર્ડિંગ હાઉસમાં રાત્રી આરામથી પસાર કરીને બે ઘડી આનંદ માણી શકે છે તેમ જ શ્રી માતાજીના દર્શનનો લહાવો વારંવાર લૂંટી શકે છે.

પહાડ પરનાં સમગ્ર રસ્તે ઠેર ઠેર, થોડા અંતરે ઠંડા પાણીની પરબ લઈને બેસનારાઓ, થાકેલા પ્રવાસીઓને ઠંડુ પાણી પૂરું પાડે છે તદ્‌ઉપરાંત પીપરમીન્ટ, ચોકલેટ, લીંબુનું શરબત, મીઠી મધુરી છાશ વગેરે પણ કિફાયત ભાવે પૂરા પાડે છે, વળી સમગ્ર રસ્તે પ્રવાસીઓની તેમજ સ્થાનિક રહેવાસીઓની સતત અવરજવર રહેતી હોવાથી લૂંટફાટ, ચોરી, ગુંડાગીરી વગેરેના બનાવો તદ્દન નહિવત બને છે.

માંચી હવેલી ખાતે વસૂલ કરવામાં આવતા યાત્રીવેરા દ્વારા એકત્ર થતી રકમમાંથી અમુક હિસ્સો પાવાગઢ ગ્રામ પંચાયતને ફાળવી આપ્યા બાદ બાકીની રકમ, પંચમહાલ જિલ્લા પંચાયત પાસે જમા થાય છે. જિલ્લા પંચાયત, પહાડના વિકાસાર્થે આ ભંડોળમાંથી અમુક રકમ દર વર્ષે ખર્ચે છે, જેથી પહાડ પરની સગવડોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે.

ભારત સરકારનું આર્કોલોજીકલ ડિપાર્ટમેન્ટ પ્રાચીન સમયનાં ભવ્ય અવશેષોરૂપે જે જે ઈમારતો હાલમાં ચાંપાનેર–પાવાગઢ વિસ્તારમાં સારી યા ભગ્નદશામાં હયાતી ધરાવે છે, એમાંની મુખ્ય મુખ્ય ઈમારતોની જાળવણી કરવાનું તથા તેઓના સમારકામ અંગેની મહત્વની જવાબદારી સંભાળી રહ્યું છે, જેથી હવે આ બધાં પુરાતન સ્થાપત્યો સુરક્ષિત બનવા પામ્યાં છે, પરંતુ આપણી કમનસીબી તો એ છે કે અંગ્રેજ શાસનકાળ દરમિયાન કેટલાક અંગ્રેજ અધિકારીઓએ બિન જવાબદારીભર્યા વર્તન દ્વારા આ અવશેષોને મોટું નુકસાન પહોંચાડયું હતું. એટલું જ નહીં આ વિસ્તારમાંથી મળી

આવેલા અનેક અમૂલ્ય નમૂનાઓ, તેઓએ પોતાના અંગત શોખને પોષવા અહીંથી અન્ય સ્થળોએ ખસેડી દીધા હોવાની પૂરતી સંભાવના છે. પરંતુ હવે આઝાદી બાદ, આર્કોલોજીકલ ડિપાર્ટ-મેન્ટની પૂરતી કાળજીને કારણે તથા પુરાતન સ્થાપત્યોની જાળવણી અંગેના કડક કાયદાઓને કારણે રાષ્ટ્રીય સંપત્તિરૂપી આ પ્રાચીન અવશેષોં હવે વધુ સુરક્ષિત બનવા પામ્યાં છે.

પાવાગઢ પર્વતની મુલાકાતે આવતા પ્રવાસીઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું રહ્યું છે પ્રતિવર્ષે લગભગ દોઢથી બે લાખ પ્રવાસીઓ–યાત્રિકો આ રમણીય પહાડની મુલાકાત લે છે, જેમાં ભારતનાં વિવિધ રાજ્યોમાંથી આવનારાઓ તથા વિદેશી મુસાફરોનું પ્રમાણ પણ ઠીક ઠીક હોય છે.

વર્ષમાં અનેક વખત અહીં નાના–મોટા મેળા ભરાય છે, જેમકે...આસો માસ તેમ જ ચૈત્ર માસના નવરાત્રીના દિવસો દરમિ-યાન, શરદપૂર્ણિમા, કાર્તિકપૂર્ણિમા, ચૈત્ર સુદ ૮, ચૈત્ર માસની પૂર્ણિમા, આમલી અગિયારસ તેમ જ મહા સુદ ૨ ને દિને મોટા મેળા ભરાય છે,

જ્યારે મહા સુદ ૧૩ને દિવસે શ્રી દિગંબર જૈન ધર્મનો મેળો ભરાય છે.

ખાસ કરીને આવા મેળાના દિવસોમાં એસ. ટી. કોર્પોરેશન તરફથી વધુ બસો દોડાવવામાં આવતી હોવાથી તથા ગ્રામ પંચાયત તરફથી અન્ય કેટલીક વધારાની સગવડો ઊભી કરાતી હોવાથી પ્રવાસી જનતાને ખાસ અગવડ વેઠવી પડતી હોતી નથી

**પાવાગઢના ભાવિ વિકાસ માટેનાં કેટલાંક મહત્વનાં સૂચનો :**

ગુજરાતના દુર્ભાગ્યે રાજકીય દાવપેચમાં, ગુજરાતીઓ દ્વારા

પૂર્ણ વિકાસ પામેલા માઉન્ટ આબુ જેવા હિલ સ્ટેશનને રાજસ્થાનમાં ભેળવી દેવાયું. પરિણામે ગુજરાતમાં સીમલા, મસૂરી, મહાબળેશ્વર કે માથેરાન જેવું પૂર્ણ વિકસિત એક પણ હિલ સ્ટેશન–ગિરિમથક રહ્યું નથી. વળી રસાળ ભૂમિ ધરાવતા ગુજરાતમાં વધુ ઊંચાઇવાળા પહાડોની સંખ્યા માત્ર નજીવી છે. એમાંયે સાપુતારા તથા ગિરનાર જેવા ઠીક ઠીક ઊંચાઈ ધરાવતા પહાડ કાં તો ગુજરાતના મધ્યબિંદુએથી ઘણા દૂર અને એકાંત ખૂણામાં આવેલા છે અથવા તો ત્યાંનું હવામાન શુષ્ક હોવાને કારણે તેમની હિલ સ્ટેશન તરીકેની ઉપયોગિતા નહિવત્ છે.

જ્યારે ગુજરાતના પૂર્વવિભાગમાં, તેની તદ્દન મધ્યમાં આવેલો અને ગુજરાત અને સમગ્ર ભારતના સુંદર શહેર વડોદરાની તદ્દન નજીકમાં આવેલો પાવાગઢ લગભગ ૩૦૦૦ ફૂટની ઊંચાઇ ધરાવે છે. વળી અનેક વૈવિધ્યતાઓ ધરાવે છે તથા ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ પણ ભોગવે છે.

આવા પાવાગઢને અગ્રતાક્રમમાં મૂકીને, જો રાજ્ય સરકાર અને પંચમહાલ જિલ્લા પંચાયત, આ પહાડને એક પૂર્ણ વિકસિત ગિરિમથક–હિલસ્ટેશન બનાવવા માટેના સક્રિય પ્રયત્નો હાથ ધરે તો ગુજરાતની પ્રવાસ શોખીન પ્રજાને પોતાના રાજ્યમાં જ એક ઉત્તમ ગિરિમથક સાંપડી શકે એમ છે. વળી રાજ્ય સરકારના આવા પ્રયત્નોના સાથમાં કેન્દ્ર સરકારની સહાય પણ મળી શકે એમ છે, કારણ કે વર્તમાન મધ્યસ્થ સરકાર, વિદેશી હૂંડિયામણની પુરાંતો વધારવા માટે વિદેશી પ્રવાસીઓને વધુને વધુ પ્રમાણમાં ભારતમાં આકર્ષવા માટે Tourism ક્ષેત્રે વધું આધુનીકરણ દાખલ કરીને, વિશાળ સગવડોવાળાં હિલસ્ટેશનો અને પ્રવાસધામો ઊભાં કરવાના અથાગ પ્રયાસ કરી રહેલ છે. જેથી પંચમહાલ જિલ્લાની સ્થાનિક સંકુચિત મનોવૃત્તિ તેમ જ પ્રમાદિતા ત્યજી દઈને, આ પહાડના

વિકાસ આડેના અવરોધો દૂર કરવાનો સમય હવે પાકી ચૂક્યો છે

અહીંના એક સ્થાનિક નાગરિક તરીકે આ પહાડના ભાવિ વિકાસના સંદર્ભમાં કેટલાંક મહત્ત્વનાં સૂચનો નીચે પ્રમાણે રજૂ કરું છું. જે અંગે રાજ્ય તેમજ જિલ્લા કક્ષાની રાજકીય નેતાગીરી સત્વરે પૂરતું ધ્યાન આપશે એવી અપેક્ષા સહ......

## મહત્વના સૂચનો

(૧) માંચી હવેલી તથા પહાડની ટોચ પરના વિસ્તારોમાં વારંવાર પાણીની તંગી ઊભી થતાં સ્થાનિક રહેવાસીઓ તેમજ પ્રવાસી જનતાને ઘણી જ મુશ્કેલી અનુભવવી પડે છે જેથી તેના કાયમી ઉકેલ તરીકે, પહાડ પરના તમામ મુખ્ય તળાવોને ઊંડા કરાવીને તથા સમરાવીને પાણીનો વિપુલ સંગ્રહ કાયમી ધોરણે ઊભો કરવા પ્રયાસો કરવા જોઈએ, સાથે જ પહાડની ટોચ પર આવેલા, પ્રાચીન સમયના ત્રણ કુંડને સમરાવીને પણ પાણી પુરવઠો ઉભો કરી શકાય તેમ છે. આ માટે પહાડ પરથી અન્ય વિસ્તારો તરફ વહી જતા વરસાદના પાણીને ઉપર્યુક્ત તળાવોમાં વાળવું જરૂરી છે, તદ્ઉપરાંત પંચકૂવાથી નીચવાસમાં કે ઉપરવાસમાં આડબંધ બાંધીને જળાશય ઉભું કરીને પણ પાણીનો સંગ્રહ કરી શકાય એમ છે.

(૨) હોલી ડે-કેમ્પ તેમજ માંચી હવેલી ધર્મશાળાનું વિસ્તરણ કરીને તથા તેઓનું આધુનીકરણ કરીને પ્રવાસીઓને શકય વધુ સુવિધાઓ પૂરી પાડવા પ્રયાસ કરવો.

તદ્ઉપરાંત માંચી હવેલી વિસ્તારમાં તેમજ ભદ્રકાળી શિખર ઉપર અને પહાડની ટોચ પર આવેલા વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ જમીનના પ્લોટોને, ખાનગી માલિકીના ધોરણે વેચાણ કરીને ત્યાં આધુનિક સગવડતાઓ ધરાવતી હોટલો ઉભી કરવી

જોઈએ. જેથી અન્ય હિલ સ્ટેશનોની માફક અહીં પણ ખાનગી ધોરણે હોટલ વ્યવસાય વિકાસ પામી શકે.

(૩) અહીંયાં પ્રવાસીઓને સગવડો પૂરી પાડનારા ઉપર્યુક્ત વ્યવસાયોમાં જંપલાવનાર સાહસિકોને રાજ્ય અને કેન્દ્રમાં નાણાકીય નિગમોએ તથા રાષ્ટ્રીયકૃત બેંકોએ ઉદાર શરતોએ, ઓછા વ્યાજ-વાળી ખાસ નાણાકીય લોનો આપવાની તત્પરતા દાખવવી જોઈએ,

(૪) માંચી હવેલી સુધી બસ વ્યવહાર શરૂ કરીને, માંચી હવેલી ખાતે, અન્ય તિર્થધામોની માફક આધુનિક સુવિધાઓ ધરાવતું એસ. ટી. બસ સ્ટેશન બાંધવું.

**(૫) માંચી હવેલીથી છાશીઆ તળાવને સાંકળી લેતા "રોપવે" (Rope way) તૈયાર કરવો કાંતો માંચી હવેલી સુધીના મોટર માર્ગને છેક દૂધિયા સરોવર સુધી લંબાવવા પ્રયાસ કરવો.**

(૬) ભદ્રકાળી શિખર પર તેમજ પહાડની ટોચ પર હોલીડે કેમ્પ નંબર–૨ તથા ૩ ઊભાં કરીને તથા જાહેરક્ષેત્રમાં અથવા ખાનગી ટ્રસ્ટો દ્વારા નવી નવી ધર્મશાળાઓ ઉભી કરીને વધુને વધુ યાત્રિકોને સગવડો પૂરી પાડવી.

(૭) માંચી હવેલી ખાતે ટેલિફોન–ટેલિગ્રામની સુવિધા ઉભી કરવી.

(૮) માંચી હવેલી ખાતે "પ્રાથમિક આરોગ્ય સારવાર કેન્દ્ર"ની સ્થાપના કરવી.

(૯) માંચી હવેલી ખાતે હેડ કોન્સ્ટેબલ કક્ષાનું એક કાયમી પોલીસ સ્ટેશન સ્થાપવું.

(૧૦) વિદ્યુત પુરવઠો છેક શ્રી માતાજીના મંદિર સુધી પહોંચાડવો.

(૧૧) પહાડ પરનાં તેમજ ગામની આસપાસનાં જોવાલાયક સ્થળોએ, પ્રવાસીઓ સરળતાથી જઈ શકે એ માટે સારા રસ્તા બાંધવા તથા પ્રવાસીઓની સલામતી માટે યોગ્ય પગલાં ભરવાં તેમજ પહાડ પર આવેલાં સાતકમાનો, શિકાર બારી, ઊલણ-ઝૂલણની ચોકી, તેમ જ સો થાંભલાના મકાને પ્રવાસીઓ જઈ શકે તે માટે પણ રસ્તા બનાવવા.

(૧૨) અયોગ્ય રીતે થતો જંગલનો નાશ અટકાવીને જંગલોની યોગ્ય જાળવણી કરવી તથા તેના વિકાસ માટે પણ રસ્તા બનાવવા.

(૧૩) અન્ય પહાડો પર વિકસાવવામાં આવતા મધમાખી ઉછેર તથા નેતર કામ ઉદ્યોગ જેવા વ્યવસાયો વિકસાવી અનેક લોકોને રોજગારી પૂરી પાડવી.

(૧૪) માઉન્ટ આબુની માફક માઉન્ટેનિયરીંગની પ્રાથમિક તાલીમ માટેનું કાયમી મથક ઊભું કરવું.

(૧૫) પાવાગઢ ગામના વિકાસ માટે પગલાં ભરવાં તેમજ રાજ્ય અનામત પોલીસદળ જેવા એકાદ યુનિટનો કાયમી કેમ્પ ઊભો કરવો.

(૧૬) ચાંપાનેર રોડ–પાવાગઢ–પાની માઇન્સ રેલવે લાઇનને છોટાઉદેપુર કે બોડેલી સુધી લંબાવીને તેનું બ્રોડગેજમાં રૂપાંતર કરવા માટેના સક્રિય પ્રયત્નો કેન્દ્ર સરકાર સાથે હાથ ધરવા જોઈએ, જેથી વનસંપત્તિ તથા ખનિજ સંપત્તિની સમૃદ્ધિ ધરાવતો આ પછાત વિસ્તાર ઝડપી આર્થિક સમૃદ્ધિ પામી શકે.

# પ્રવાસીઓને સૂચનો તેમજ ઉપયોગી માહિતી

(૧) આ રમણીય પર્વત અને ચાંપાનેરનાં બધાં જોવાલાયક સ્થળો–અવશેષોની મુલાકાત લેવા માટે પ્રવાસીએ ઓછામાં ઓછું બે દિવસ રોકાવું પડે છે. આમાંના પ્રથમ દિવસે પહાડ પરનાં સ્થળોની મુલાકાત લેવી સુગમ બની રહે છે.

(૨) પ્રવાસી જનતાને રાત્રિ દરમિયાન રોકાવા માટે પહાડ ઉપર માંચી હવેલી ધર્મશાળા, હોલીડે કેમ્પ, તથા દૂધિયા સરોવરને કિનારે આવેલી હોટલ–બોર્ડિંગોમાં સગવડો મળી રહે છે તદુપરાંત પાવાગઢ ગામમાં જુદી જુદી જ્ઞાતિ–સંસ્થાઓની ધર્મશાળાઓમાં પણ તમામ પ્રકારની સામાન્ય સુવિધાઓ પ્રાપ્ય બની રહે છે. તેમ જ ગામમાં કેટલાંક બ્રાહ્મણ કુટુંબો પણ યજમાનવૃત્તિનો વ્યવસાય કરતાં હોવાથી, યાત્રિકોને ખાનપાન તથા રહેવાની સગવડો પૂરી પાડીને પોતાની આજીવિકા મેળવે છે

(૩) અશક્ત, વૃદ્ધ, કે અપંગ પ્રવાસીઓ માટે "ડોળી" મળી રહે છે. તથા બાળકો તેમજ સરસામાન ઊંચકવા માટે 'મજૂરો' મળી રહે છે. જે અંગેના મજૂરીના દર સરકાર તરફથી નક્કી થયેલા છે, છતાં તેનો હજુ ચુસ્ત અમલ થતો નથી. તેથી પ્રવાસી જનતા પૂરતી કાળજી લઈને આ અંગેના દર નક્કી કર્યા બાદ જ તેઓને કામગીરી સોંપે તે હિતાવહ છે.

(૪) કોઈ પણ તદ્દન અજાણી વ્યક્તિને આપ, આપનો સર-સામાન કે બાળકો ન સોંપો, કારણ કે કોઇક વખત છેતરામણી થવાનો સંભવ છે. વળી તદ્દન અજાણી વ્યક્તિ દ્વારા આપને અપાતા નાસ્તાની વાનગી જેવી વસ્તુઓ પણ ન સ્વીકારો, કોઈક વાર એ દ્વારા બેભાન બનાવીને લૂંટી લેવાના પ્રસંગો બનવાની શકયતા છે.

(૫) ગાઢ જંગલોવાળા વિસ્તારમાં આવેલાં પ્રાચિન સ્થાપત્યોની મુલાકાત લેવા માટે સમૂહમાં પ્રયાણ કરવું સલાહ ભરેલું છે, કાં તો ગામમાંથી કે અન્ય જાહેર સ્થળોએથી મળી રહેતા મજુર–ભોમિયાનો સાથ લો.

(૬) માંચી હવેલી ધર્મશાળા તથા હોલીડે કેમ્પ ખાતે પ્રવાસી વધુમાં વધુ બે–ત્રણ દિવસો રોકાઇ શકે છે. જેથી એનાથી વધુ રોકાવા માટે જિલ્લા કક્ષાએથી પરવાનગી મેળવી લેવી પડે છે.

(૭) શ્રી મહાકાલી માતાજીનું મંદીર સામાન્ય રીતે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી દર્શનાર્થ ખુલ્લું રહે છે. સૂર્યાસ્ત પછીથી માતાજીના મંદિરનાં મુખ્ય દ્વાર બંધ કરી દેવામાં આવે છે, જેથી રાત્રે દર્શન થઇ શકતાં નથી.

(૮) અહીં પહાડ ઉપર તેમજ પાવાગઢ ગામમાં દાકતરી સારવાર તાત્કાલિક મળવી મુશ્કેલ હોવાથી, પહાડ ચઢતાં ઉતરતાં પૂરતી કાળજી રાખો. પડી જવાથી હાથ-પગ ઉતરી જાય કે ભાંગી જાય અથવા અચાનક માંદા પડી જવાય એ સંજોગોમાં સ્થાનિક કક્ષાએ તાત્કાલિક જે સારવાર મળે એ મેળવી બાદમાં વડોદરા ગોધરા રવાના થાઓ, કારણ કે અહીંયા આવી કોઇ સગવડો ઉપલબ્ધ નથી.

(૯) માંચી હવેલીથી ઉપર તરફના પહાડ પરના રસ્તે પગે ચાલીને મજલ કાપવી પડતી હોવાથી, પ્રવાસમાં શકય એટલું ઓછું વજન ધરાવતો સરસામાન સાથે રાખો પરંતુ સાથોસાથ પહાડ પરની ધર્મશાળાઓ અને અન્ય સંસ્થાઓમાં રાત્રિભર રોકાવા માટેની સગવડો મર્યાદિત પ્રમાણમાં જ મળી રહે છે. જેથી કોઇક સંજોગોમાં આવી સગવડ પ્રાપ્ય ન બને. એ સંજોગોમાં રાત્રિભર ઠંડીમાં ધ્રુજવું ન પડે એ માટે સાવચેતીરૂપે શેતરંજી તથા ગરમ શાલ જરૂર સાથે રાખો. વળી પહાડનો મામલો હોવાથી ટોર્ચ બેટરી, હોકી, વગેરે સાથે લેવા ઇચ્છનીય છે.

(૧૦) અહીંયા ચોરી, લૂંટફાટ ખૂન વગેરે જેવા પ્રસંગો કવચિત્ જ બને છે, છતાં આવું કાંઇક બને તો પોલીસનો સંપર્ક સાધવો. માંચી હવેલી ખાતે ત્રણ પોલીસ કોન્સ્ટેબલ મુકવામાં આવેલા છે. વળી પાવાગઢ ગામમાં હેડ પોલીસ કોન્સ્ટેબલનું થાણું છે. જયારે પી. એસ. આઇ....તાલુકાના મુખ્ય મથક હાલોલ ખાતે રહે છે.

(૧૧) માંચી હવેલી ખાતે પોસ્ટ ઓફિસ શરૂ થયેલ હોવાથી દૈનિક ટપાલની સગવડ ઉપલબ્ધ બની છે. જ્યારે ટેલિફોન–ટેલિગ્રામની સગવડો પાવાગઢ ગામમાં પ્રાપ્ય છે.

(૧૨) અહીં મુખ્યત્વે ત્રણ મોસમ અનુભવાય છે. જે દરમિયાન જૂનનો અર્ધો માસ તેમજ જુલાઈ અને ઓગસ્ટમાં વરસાદ સામાન્ય રીતે વધુ પડતો હોય છે. જ્યારે નવેમ્બર, ડિસેમ્બર તથા જાન્યુઆરીમાં ઠંડી અને પવનનું પ્રમાણ વિશેષ રહે છે. વળી મે તેમ જ જૂન માસમાં ગરમી વધુ પડે છે. પરંતુ પહાડની ટોચ પર સમગ્ર ઉનાળા દરમિયાન ગરમીનું પ્રમાણ ઓછું રહે છે.

(૧૩) એસ. ટી બસનું કન્ટ્રોલ પોઈન્ટ પાવાગઢ ગામના બસ સ્ટેન્ડે હોવાથી ત્યાંથી બસનું રિઝર્વેશન વગેરેની સગવડો મળી રહે છે. જયારે બૂઢિયા દરવાજાના સ્ટેન્ડ પર કન્ટ્રોલરની વ્યવસ્થા ન હોવાથી પ્રવાસીઓએ બસમાં જગ્યા મેળવવા અને સીટ પર બેસવા માટે ધક્કામુક્કીનો લહાવો માણવો પડે છે.

(૧૪) માંચી હવેલીએથી મહાકાલી ટૂક તેમ જ ભદ્રકાળી શિખર પર જઈને પરત આવતાં લગભગ ત્રણેક કલાક લાગે છે. વળી ખરા બપોરે પહાડ ચઢવાથી અકળામણ અનુભવાય છે. એમાંયે બપોરે જમ્યા બાદ પહાડ ચઢવો અતિ કઠીન બને છે. જેથી શકય હોય તો હળવો નાસ્તો તથા ચા-પાણી લઈને, સવારે કે સાંજે પહાડનું ચઢાણ શરૂ કરો અને છેક પહાડની ટોચ પર આવેલી હોટલ-લોજોમાં અથવા તો પાછાં ફરતાં માંચી હવેલીએ ભોજન લેવાનો આગ્રહ રાખો.

(૧૫) સામાન્ય રીતે આખુંયે વર્ષ આ રમણીય પર્વત પ્રવાસીઓ-યાત્રિકોથી ઉભરાયેલો રહે છે, પરંતુ ચોમાસા દરમિયાન જુલાઈ તથા ઓગસ્ટ માસમાં વાદળછાયું હવામાન રહેતું હોવાથી તથા શિયાળામાં ડિસેમ્બર-જાન્યુઆરી માસ દરમિયાન ઠંડી તથા પવનનું પ્રમાણ સખત રહેતું હોવાથી મુલાકાતીઓનું પ્રમાણ ઘટવા પામે છે.

# ૧૧
# રેલવે તથા એસ. ટી. બસનું ટાઇમ ટેબલ

**રેલવે ટાઇમ ટેબલ.........**

## અન્ય માહિતી

વડોદરા–ગોધરા બ્રોડગેજ રેલવે લાઈન પર "ચાંપાનેર રોડ" નામનું સ્ટેશન છે, ત્યાંથી સાંકડા માપની (નેરોગેજ) રેલવે હાલોલ, પાવાગઢ અને શિવરાજપુર થઇને પાનીમાઈન્સ સુધી જાય છે.

પાવાગઢ થી ચાંપાનેર રોડનું અંતર માત્ર ૧૯ કિલોમીટર છે જયારે ચાંપાનેર રોડથી વડોદરા અને ગોધરાનું અંતર અનુક્રમે ૩૫ તથા ૩૮ કિલોમીટર છે,

ચાંપાનેર રોડ સ્ટેશનથી ગાડી બદલીને વડોદરા તથા ગોધરા તરફ જઈ શકાય છે. અને એ અંગેના રેલવે કનેકશન પણ આ નાની રેલવેને અનુકૂળ બની રહે એ રીતે ચાંપાનેર રોડ ખાતે મળી રહે છે.

**ચાંપાનેર રોડ-પાવાગઢ-શિવરાજપુર રેલવેનું ટાઇમટેબલ...**

| **અનુ-નંબર** | **ચાંપાનેર રોડથી ઉપડશે** | | **(ડાઉન) પાવાગઢ પહોંચશે** | |
|---|---|---|---|---|
| | ક–મિનિટ | | ક–મિનિટ | |
| (૧) સવારે | ૮–૩૦ | વાગ્યે...સવારે | ૯–૪૭ | વાગ્યે |
| (૨) સાંજે | ૮–૦૫ | ,, ...રાત્રે | ૯–૦૭ | વાગ્યે |

| **પાવાગઢ થી ઉપડશે...** | | | **...ચાંપાનેર રોડ પહોંચશે** | |
|---|---|---|---|---|
| **અનુ-નંબર** | | (અપ) | | |
| | ક–મિનિટ | | ક–મિનિટ. | |
| (૧) સવારે | ૫–૨૩ | વાગ્યે...સવારે | ૬–૩૨ | વાગ્યે |
| (૨) સાંજે | ૩–૪૮ | ,, ...સાંજે | ૬–૦૭ | વાગ્યે |

**નોંધ :**—રેલવે સ્ટેશનથી પાવાગઢ ગામમાં જવા માટે વાહનોની સગવડ ઉપલબ્ધ હોતી નથી, વળી પાવાગઢ ગામથી રેલવે સ્ટેશન લગભગ અર્ધો માઈલ દૂર આવેલું છે. પાવાગઢના રેલવે સ્ટેશન ઉપર પણ પ્રવાસી જનતા માટે ખાસ કોઇ જ સગવડો ઉપલબ્ધ નથી

# એસ. ટી. બસ અંગેની માહિતી

પાવાગઢથી અમદાવાદ, વડોદરા, ગોધરા, ડાકોર, નડિયાદ ગળતેશ્વર, કપડવંજ, અંબાજી, રાજસ્થાનની સરહદ પર આવેલ રતનપુર, દેવગઢબારીઆ, બોડેલી, ડભોઈ, રાજપીપળા, મધ્યપ્રદેશમાં આવેલ બડવાની તેમજ સૌરાષ્ટ્રમાં આવેલ સુરેન્દ્રનગર વગેરે શહેરોને સાંકળી લેતી સળંગ લાંબારૂટની બસો ઉપડે છે.

એમાંયે વડોદરા, ગોધરા તેમજ બોડેલી તરફ જવા માટેના પૂરતા ટાઈમ નક્કી કરવામાં આવેલા છે, જેથી પાવાગઢ ગામના સ્ટેન્ડ પરથી વહેલી સવારથી મોડી રાત્રી સુધી નિયમિત રીતે બસો ઉપડે છે. આમાંની મોટા ભાગની એસ. ટી. બસો પાવાગઢ ગામના સ્ટેન્ડ પરથી ઉપડે છે, જ્યારે કેટલીક બસો પહાડ પર આવેલા બૂઢિયા દરવાજાના સ્ટેન્ડ પરથી ઉપડીને ગામના સ્ટેન્ડ પર પરત આવે છે અને બાદમાં ત્યાંથી આગળ રવાના થાય છે.

પાવાગઢથી ચારેય દિશામાં જવા માટેની એસ. ટી. બસો અવાર–નવાર થોડા થોડા સમયને અંતરે નિયમિત ઉપડતી હોવાથી તથા એસ. ટી. નું ટાઈમ ટેબલ વર્ષમાં અનેક વખત ફેરફાર પામતું હોવાથી તે અંગેની સૂક્ષ્મ વિગતો દર્શાવતું ટાઈમ ટેબલ અહીં રજૂ કરવાની અનિવાર્યતા લાગતી નથી.

બસ અંગેના રિઝર્વેશન વગેરેની સગવડો પાવાગઢ ગામના સ્ટેન્ડ પર પ્રાપ્ય છે, પરંતુ પહાડ પર આવેલા બૂઢિયા દરવાજાના સ્ટેન્ડ પર કંટ્રોલ પોઈન્ટ ન હોવાથી ત્યાં આવી સગવડો મળી શકતી નથી. પાવાગઢથી નજીકમાં આવેલ હાલોલ ખાતે એસ. ટી. નો ડેપો આવેલો છે, જ્યાંથી એકસ્ટ્રા બસની વ્યવસ્થા થઈ શકે છે.

## પાવાગઢ ગામથી વિવિધ શહેરોનું મોટર માર્ગે અંતર

| | | | |
|---|---|---|---|
| (૧) | પાવાગઢથી અમદાવાદ (વાયા–વડોદરા, આણુંદ) | ૧૬૩=૮૧ | કિ. મીટર |
| (૨) | પાવાગઢથી અમદાવાદ (વાયા–ગોધરા, ડાકોર) | ૧૮૯=૩૨ | કિ. મીટર |
| (૩) | પાવાગઢ થી વડોદરા | ૫૧=૩૧ | ,, |
| (૪) | પાવાગઢ થી ગોધરા | ૪૪=૦૭ | ,, |
| (૫) | પાવાગઢ થી હાલોલ | ૦૬=૦૦ | ,, |
| (૬) | પાવાગઢ થી દેવગઢબારીઆ (વાયા રણજીતનગર–ઘોઘંબા) | ૬૪=૮૧ | ,, |
| (૭) | પાવાગઢ થી બોડેલી | ૩૬=૮૩ | ,, |
| (૮) | પાવાગઢ થી છોટાઉદેપુર (વાયા–બોડેલી) | ૭૩=૬૬ | ,, |
| (૯) | પાવાગઢ રાજપીપળા (વાયા–બોડેલી,નસવાડી,ગરૂડેશ્વર) | ૧૧૫=૩૫ | ,, |
| (૧૦) | પાવાગઢ થી અંબાજી (વાયા–ગોધરા, લુણાવાડા, મોડાસા, ઈડર) | ૩૧૩=૬૬ | ,, |
| (૧૧) | પાવાગઢ થી ડાકોર (વાયા–ગોધરા) | ૯૬=૯૫ | ,, |
| (૧૨) | પાવાગઢ થી રતનપુર (વાયા–ગોધરા, બાલાસીનોર મોડાસા) | ૨૦૯=૮૨ | ,, |

જ્યારે પાવાગઢ ગામ થી પહાડ પરનું બૂઢિયા દરવાજાનું સ્ટેન્ડ..............૩=૭૪ કિ. મિટરના અંતરે આવેલું છે.

## શ્રી મહાકાળીનો ગરબો

માજી તું પાવાની પટરાણી, ભવાની મા કાળકા રે લોલ,
માજી તારે ડુંગરડે ચઢવું રે, અતિ ઘણું દોહ્યલું રે લોલ
માજી તારા મંડપમાં દર્શન કે, કરવાં સોહ્યલાં રે લોલ,
માજી તારો દામોદરજી કુંડ કે, પરજે પેદા થયો રે લોલ,
માજી કાંઇ ગળે મનુષ્યના હાર કે, માને સહુ માનવી રે લોલ,
માજી તારા કુકડીયા દસવીસ કે, જઈ વનમાં ચરે રે લોલ,
માજી તેને મુગલે મારી ખાધા કે, બોલાવ્યા પેટમાં રે લોલ,
માજી તારા સેવકીયા દસવીસ કે, બડભાગી થયા રે લોલ,
માજી તારા બાળપણનો બેલી કે, બૂઢિયો બેસી રહે રે લોલ,
માજી તારે કાંબી કડલાં જોડ કે, ઝાંઝરી ઝગમગે રે લોલ,
માજી તારે અણવટ વીછીઆ પાય કે, ઘુઘરી ઘમઘમે રે લોલ,
માજી તારે આંગળીએ વેઢ કે, પ્હોંચાં પરવરી રે લોલ,
માજી તારે શ્રવણે ઝબકે ઝાલ કે, કંઠે હાર શોભતો રે લોલ,
માજી તારી ટીલડી તપે લલાટ કે, સેંથો પૂર્યો શોભતો રે લોલ,
માજી તારે નાકે નકવેસર મોતી કે, શોભા બહુ બની રે લોલ,
માજી તારા શોભીતા શણગાર કે, રમવા નીસર્યા રે લોલ,
રાજા પતાઈ ઘેર ચતુર નાર કે, કાળકા શું બેનપણાં રે લોલ,
એની મારા ગરબે રમવા આવે કે, ભવાની માં કાળકા રે લોલ,
પતાઇ રાજાને રાણીઓ સાત કે, આઠમું કોણ રમે રે લોલ,
પતાઇએ રાણીને પૂછી જોયું કે, એ નાર કોણ રમે રે લોલ,
પતાઇએ દિલ વિચારી વાત કે, કાલ ઓડા બાંધશું રે લોલ,
કાળકા વળીઆં એકાએક કે, ઝાલ્યો માનો છેડલો રે લોલ,
માગ માગ પાવાંના રાજન કે, તુષ્ટમાન હું થઈ રે લોલ,
માગ માગ ઘોડાની ઘોડાર કે, હસ્તી ઝુલતા રે લોલ,
માગ માગ ગ્રંથનો ભંડાર કે, ખજાના અતિ ઘણા રે લોલ,
માગ માગ પુત્ર ને પરિવાર કે, બંધાવું ઘેર પારણાં રે લોલ,

માગ માગ ઘેલુડી ગુજરાત કે, બાણું લાખ માળવો રે લોલ,
માગું માગું એટલું વરદાન કે મહેલે પધારજો રે લોલ,
ફટ ફટ પાવાના રાજન કે, શું બોલિયો રે લોલ,
ફટ ફટ પાવાના રાજન કે પાવો તારા પાપે જશે રે લોલ,
મૂઢમતિ તું થયો રાજન કે, હું દેવી કાળકા રે લોલ,
આજથી છઠ્ઠે ને છ માસે કે, મૂળ તારૂં જશે રે લોલ,
માતા કહી થયાં અલોપ કે, પતાઈએ હાથ ઘસ્યા રે લોલ,
માતાજીએ લીધો ચારણનો વેશ કે, નાયક પોતે થયાં રે લોલ,
માતજીએ લશ્કર હાંકયાં લાખ કે, મુગલ દઈતનાં રે લોલ,
પોઠમાં ભરીઆ મુગલ દૈત કે, પાવાગઢે પરવર્યાં રે લોલ,
પોળે આંધળીઓ દરવાન કે, પૂછવા લાગિયો રે લોલ,
કહોને ભાઇ કયાંથી આવી પોઠ કે, પોઠમાં શું ભર્યું રે લોલ,
પોઠમાં ભર્યા આંબા શાખ કે, પતાઇને ભેટ જશે રે લોલ,
બુઢિયે ત્યાંથી વરતી વાત કે, ભાલા નાખીઆ રે લોલ,
નીસર્યા હઠીઆ હેબતખાન કે, ખપ્પર છે હાથમાં રે લોલ,
કાળકાજી લેજો પેલો ભોગ કે, દરવાણી તને ચડયો રે લોલ,
ગઢમાં ધાલ્યા મુગલ દૈત કે, પાંવાગઢ પરવાર્યા રે લોલ,
માતાજીએ પાવે ચઢીને જોયું કે, દળ દીઠું બહુ રે લોલ,
ગઢને માથે દૂધિયું તળાવ કે, તે સુકાઈ ગયું રે લોલ,
પતાઇએ ખોદાવ્યા બે કુંડ કે, તે સુકાઇ ગયા રે લોલ,
પતાઇએ મન વિચારી વાત કે, કોપ કાળકાનો થયો રે લોલ,
પતાઇ જઇને લાગ્યા પાય કે, શિર પર સ્થાપિયાં રે લોલ,
દુર્બુદ્ધિ અજ્ઞાન હું અંધ કે, માને નવ ઓળખ્યાં રે લોલ,
મોટું ચૌટું ચાંપાનેર કે, કાળકાને પાયે પડું રે લોલ,
તારાં ગુણ ગાય વલ્લભજી ભટ કે, ચરણે રાખજો રે લોલ,

———

## શ્રી મહાકાળીના ગરબા

પાવા તે ગઢથી ઊતર્યા મહાકાળી રે,
મા પરવરિયાં ગુજરાત પાવાવાળી રે, ૧

મા સોળે સજ્યા શણગાર મહાકાળી રે,
માની ઓઢણી ઝાકમઝાળ પાવાવાળી રે. ૨

માને નાભીને કડલાં શોભતા મહાકાળી રે,
માને ઝાંઝરનો ઝમકાર પાવાવાળી રે, ૩

માને બાંયે બાજુબંધ બેરખાં મહાકાળી રે,
માને દશે આંગળીએ વેઢ પાવાવાળી રે, ૪

માને ઝાલને ઝમણું શોભતું મહાકાળી રે,
માને કોટે એકાવની હાર પાવાવાળી રે, ૫

માને નાકે નાકવેસર શોભતુ મહાકાળી રે,
માને ટીલડી તપે લલાટ પાવાવાળી રે, ૬

સેંથો ભર્યો સીંદુરનો મહાકાળી રે,
માને ચોટલે વશીયલ નાગ પાવાવાળી રે, ૭

માને ચોસઠ બેનડી તેડાવશું મહાકાળી રે,
મા સાથે કેશળ વીર પાવાવાળી રે, ૮

મા ફૂલના દડા હાથમાં મહાકાળી રે,
મા પરવરિયાં ગુજરાત પાવાવાળી રે, ૯

મા પાટણ પરગણુ તાહરૂં મહાકાળી રે,
મા ગુજર ખંડમાં ગામ પાવાવાળી રે, ૧૦

મા શંખલપુર સોહામણુ મહાકાળી રે,
માને ટોડે પુર વાંસ પાવાવાળી રે, ૧૧
મા સરવે મળી કરી સ્થાપના મહાકાળી રે,

માજી માન સરોવર માંય પાવાવાળી રે, ૧૨
મા કુકડીયાને સજ કર્યા મહાકાળી રે,
મા થયાં તે ઘડી અસવાર પાવાવાળી રે, ૧૩
મા કેશરીવાઘા પહેરીયા મહાકાળી રે.
મા લીધુ ભમર ભાલું હાથ પાવાવાળી રે, ૧૪
મા રમતાં રમતાં નીસર્યા મહાકાળી રે,
આવ્યા માનસરોવર પાસ પાવાવાળી રે, ૧૫
મા સાથે લશ્કર ચાર ટુકડી મહાકાળી રે,
આવ્યાં માનસરોવર માંય પાવાવાળી રે, ૧૬
માનસરોવર તળાવડી મહાકાળી રે,
તેમાં ભરીયાં નીરમળ નીર પાવાવાળી રે, ૧૭
મા ઉતરીને કીધા પોઠીયા મહાકાળી રે,
માએ નાહીને પીધું નીર પાવાવાળી રે, ૧૮
મા ઘોડીનો ઘોડો થયો મહાકાળી રે,
મા સ્ત્રીમાંથી પુરૂષ પાવાવાળી રે, ૧૯
માનો પટંતર ત્યાંથા થયો મહાકાળી રે,
માનો પૃથ્વીમાં મહિમાય પાવાવાળી રે, ૨૦
ઘણા હિંદુ કેરા દેવતા મહાકાળી રે,
બળધારી બહુચર માય પાવાવાળી રે, ૨૧
મા લીલા તે નેજા ફરકરે મહાકાળી રે,
આવી મુગલ કેરી ફોજ પાવાવાળી રે, ૨૨
મા બહુચર એમ બોલીયાં મહાકાળી રે,
અલ્યા મા લઇશ મારૂં નામ પાવાવાળી રે, ૨૩
મા મુગલોવાત મનમાં ધારી મહાકાળી રે,
ચડી મુગલો કેરી ફોજ પાવાવાળી રે, ૨૪

મા બહુચર. માના મૃગલા મહાકાળી રે,
તે તળિયા તાવા માંય પાવાવાળી રે; ૨૫
કુકડીયા ભોજન કીધાં મહાકાળી રે,
પછી ચડી તે માને રીસ પાવાવાળી રે, ૨૬
મા મુવા તે મૃગલાં બોલીયાં મહાકાળી રે,
પછી આઈ થયાં અસવાર પાવાવાળી રે, ૨૭
મા ત્રિશૂલ લીધું હાથમાં મહાકાળી રે,
મા કીધો અસુર તણો નાશ પાવાવાળી રે, ૨૮
મા કૂદી ઘોડો મારીયો મહાકાળી રે,
મા હાથી પાડયો એક પાવાવાળી રે, ૨૯
મા મોટો મુગલ એક મારીયો મહાકાળી રે,
બીજા મુગલોનો નહિ પાર પાવાવાળી રે, ૩૦
મા બળ કરી મુગલ મારીયા મહાકાળી રે,
માર્યો બાદશાહનો ભાણેજ પાવાવાળી રે, ૩૧
મા સામે ધસુ સહુ એકઠું મહાકાળી રે,
મા ચાલ્યા તે મુગલ પાસ પાવાવાળી રે, ૩૨
તે મારૂં તે વાર્યું નવ કર્યું મહાકાળી રે,
તે હાથે વસાવ્યું વેર પાવાવાળી રે, ૩૩
ત્યાં હાથ જોડી રે આવીઆ મહાકાળી રે;
માને લળી લળી લાગ્યા પાય પાવાવાળી રે ૩૪
મા સોનાના ઘડાવું કુકડ મહાકાળી રે,
મા વાવું મંડપ માંય પાવાવાળી રે, ૩૫
મા તારૂ દેવળ ફરીથી ચણાવીશુ મહાકાળી રે,
મા ઉપર ધોળી ધજાય પાવાવાળી રે, ૩૬
મા તારે ચાચર ચાઘશું મહાકાળી રે,
કહે વલ્લભ કોડ બાંધશું પાવાવાળી રે, ૩૭

# શ્રી મહાકાળી માતાનો ગરબો

પાવા તે ગઢની માત જાગતી જ્યોત છે,
માજીના દાખલા જગમાં અનેક છે,
ભાવે ભજે તેનો બેડો-ભવ પાર છે,
ઝગમગ દીવડાનું એમાં નથી કામ...જાગતી જ્યોત છે.

પતઈ રાજાનું રાજય ઘણું મોટું,
બાવન બજારો અને ચોર્યાશી ચૌટાં,
એ બધું માજીનો મોટો પ્રતાપ,
રાજાની રાણી રમતી હતી ચોકમાં,
માજી પધાર્યાં, ત્યાં ગરબાના શોખમાં,
કીધી કોઈકે રાજાને આની જાણ...જાગતી જ્યોત છે.

પતાઈએ છેડલો ઝાલ્યો મ તાનો
"માંગ, માંગ" કહું છું હું-તુને, કેમ અધીરો ?
આપું હું, અહીંયાં તુને સ્વર્ગનું રાજ્ય...જાગતી જ્યોત છે.

હૃદય પલટયું રાજા પતાઈનું
માજીને ભૂલી જઈ માગ્યું છે ઉલ્ટું,
મુઓ રાજાને, થયું મોગલોનું રાજ્ય...જાગતી જ્યોત છે.

દાસનો દાસ ગીરીધારી મા તારો,
ભાગજે દુઃખ એક જન્મ-મરણનું,
માંગું હું એટલું જ માની પાસ...જાગતી જ્યોત છે.

# શ્રી આદ્યશક્તિ અંબા માતાની આરતી.

જય આદ્યા શક્તિ મા, જય આદ્યા શક્તિ;
અખંડ બ્રહ્માંડ નિપાવ્યા (૨) પડવે પંડે થયાં,
જયો જયો મા જગદંબે.

દ્વિતિયા બેય સ્વરૂપ, શિવ શક્તિ જાણું, મા શિવ (૨)
બ્રહ્મા ગણપતિ ગાએ (૨) હર ગાયે હરમા;
જયો જયો મા જગદંબે.

ત્રીજે તૃતિયા રૂપ, ત્રિભુવનમાં બેઠા, મા ત્રિભુવન (૨)
ત્રણુસ્થકી ત્રીવેણી (૨) તું ત્રીવેણી મા;
જયો જયો મા જગદંબે.

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં, મા સચરાચર (૨)
ચાર ભુજા ચૌ દિશા (૨) પ્રગટયાં દાક્ષણમાં;
જયો જયો મા જગદંબે.

પંચમી પંચઋષિ, પંચમ ગુણ પદ્મા મા પંચમી (૨)
પંચ તત્વ ત્યાં સોહીએ (૨) પાંચે તત્ત્વો મા;
જયો જયો મા જગદંબે.

ષષ્ટી તું નારાયણી, મહિષાસુર માર્યો, મા મહિષાસુર (૨)
નર નારીના રૂપે (૨) વ્યાપ્યા સર્વે મા;
જયો જયો મા જગદંબે.

સપ્તમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી, મા સંધ્યા (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા;
જયો જયો મા જગદંબે.

અષ્ટમી અષ્ટભુજા, આઈ આનંદા, મા આઈ (૨)
સુરનર મુનિવર જન્મ્યા (૨) દેવ દૈત્યો મા,
જયો જયો મા જગદંબે.

નવમી નવકુલ નાગ, સેવે નવદુર્ગા, મા સેવે (૨)
નવરાત્રીના પૂજન, શિવરાત્રીના અર્ચન કીધા હર બ્રહ્મા;
જયો જયો મા જગદંબે.

દશમી દશ અવતાર, જય વિજયા દશમી મા જય (૨)
રામે રામ રમાડયા (૨) રાવણ રોળ્યો મા,
જયો જયો મા, જગદંબે.

એકાદશી અગિયારશ, કાત્યાયની કા મા. મા કાત્યાયની (૨)
કામદુર્ગા કાળિકા (૨) શ્યામાને રામા,
જયો જયો મા, જગદંબે.

બારશે બાળારૂપ, બહુચરી અંબા, મા બહુચરી (૨)
બટુક ભૈરવ સોહિયે (૨) કાળ ભૈરવ સોહિયે, ત્હારા છે તુજ મા.
જયો જયો મા જગદંબે.

તેરશે તુળજા રૂપ તું તારૂણી માતા, મા તું તારૂણી (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા,
જયો જયો મા, જગદંબે.

ચૌદશે ચૌદા રૂપ, ચંડી ચામુંડા, મા ચંડી (૨)
ભાવ ભકિત કંઇ આપો, ચતુરાઈ કંઇ આપો, સિંહવાહની માતા,
જયા જયો મા જગદંબે.

પૂનમે કુંભ ભર્યો મા સાંભળજો કરૂણા. મા સાંભળજો (૨)
વસિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા, ગાવે શુભ કવિતા,
જયો જયો મા જગદંબે.

સંવત સોળ સત્તાવન, સોળસે બાવીસ મા, (૨)
સંવત સોળમાં પ્રગટયાં (૨) રેવાને તીરે,
જયો જયો મા જગદંબે.

ત્રંબાવટી નગરી આઈ, રૂપાવટી નગરી, મા મંછાવટી નગરી,
સોળ સહસ્ર ત્યાં સોહીયે (૨) ક્ષમા કરો ગૌરી, દયા કરો ગૌરી,
જયો જયો મા જગદંબે.

શિવ-શકિતની આરતી, જે કોઈ ગાશે. મા જે કોઈ (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપતી થાશે. કૈલાસે જાશે.
જયો જયો મા જગદંબે.

## શ્રી મહાકાલી ફોટો ફ્રેમ વર્કસ

હમારે ત્યાં

સીધ્ધ કરેલા માતાજીના ફોટા

તેમજ

માંદળીયાં લેવા

માટે મળો :—

પ્રો. ચંદુનાથ પુનમનાથ

## ગૌતમ ગેસ્ટ હાઉસ

પાવાગઢ માઉન્ટ

દુધીયા સરોવરની પાળે,

રહેવા તથા જમવા માટેનું

ભરોસાપાત્ર સ્થળ :—

પ્રો. ઠાકોરલાલ ડી. જોષી

માંચીમાં જમવા માટે

# ભદ્રકાલી

# ભોજનાલય

નો

આગ્રહ રાખો

પ્રો. હરીપ્રસાદ ડી. જોષી

માંચી હવેલી

પાવાગઢની એક માત્ર ઉત્તમ
હોટલ-લોજ

## — શ્રી દૂધિયા —
## રેસ્ટોરન્ટ-ભોજનાલય

રહેવા તથા જમવા માટેનું
ભરોસાપાત્ર સ્થળ.

દૂધિયા સરોવરને કિનારે,
પાવાગઢ માઉન્ટ.



શ્રી મહાકાળી માતાજીનો ગોખ